# મઝહબ હમેં સિખાતા, આપસમેં પ્યાર કરના..

- ડૉ. મહેબૂબ દેસાઈ

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

25 - 02 - 2013




http://aksharnaad.com

## અનુક્રમ

મુસ્લિમોનો કૃષ્ણ-મહિમા ........................................................ 4
કોમી એખલાસનું ધામ: ભાવનગર ........................................ 11
'એકેશ્વરવાદ અને બંધુત્વ ઇસ્લામની દેણ છે' ........................... 23
ન્યાય........................................................................................ 30
સુફ્નનું વાસ્તુ.............................................................................. 33
મન તરપત હરિ દરસન કો આજ ........................................... 37
'મજહબ હમેં સિખાતા, આપસમેં પ્યાર કરના' ........................... 44
હજરત ઇમામ હુસૈનના ભારત  સાથેના સંબંધો........................ 48
મેરે મહેબૂબ કૈસે હો? .......................................................... 53
ઈસ્લામ અને  સ્વામી વિવેકાનંદ .............................................. 61

http://aksharnaad.com

ઈસ્લામ અને ભારતીય ધર્મગ્રંથો........................................ 67

સાચા ગુરુજન .............................................................. 77

સ્વજનથી વિશેષ પાડોશી ................................................ 83

અલ્લાહ સૌના છે ............................................................ 88

“Man can be destroyed, Cannot be defeated” .................... 92

સાચો ઇસ્લામ ક્યાં છે?................................................... 101

મારી જેલ યાત્રા ............................................................ 108

અક્ષરનાદ ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ................................ 115

# મુસ્લિમોનો કૃષ્ણ-મહિમા

કુરાને શરીફમાં કહ્યું છે, “મેં હર કોમ માટે એક રાહબર પેદા કર્યો છે. દરેક કોમ માટે એક માર્ગદર્શક ગ્રંથ આપ્યો છે.” આવા રાહબરો અને ગ્રંથોએ જ દરેક યુગમાં માનવીને માર્ગદર્શન આપ્યું છે. તેના કારણે જ સમાજમાં સામાજિક, આધ્યાત્મિક અને રાજનૈતિક મૂલ્યોનું જતન થયું છે. અને એટલે જ આવા ગ્રંથો કે મહાનુભાવોનો મહિમા ગાવો, વ્યક્ત કરવો કે સ્વીકારવો એ માનવસહજ ગુણ છે. જન્માષ્ટમી એટલે કે કૃષ્ણ ભગવાનના જન્મના ઉત્સવ નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા ગાતા મુસ્લિમ સ્વરકારોનાં ગીતો ધર્મના વાડાઓને ચીરીને આપણાં હ્રદયોને ડોલાવે છે. મહંમદ રફીના કંઠે ગવાયેલ , ‘ બડી દેર ભઇ નંદલાલા, તેરે દ્વાર ખડી બ્રીજબાલા.’-

ગીત વગર જન્માષ્ટમીની ઉજવણી અધૂરી લાગે છે. મુસ્લિમ ઐતિહાસિક ફિલ્મ'મુઘલ-એ-આઝમ'માં કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ગવાતું પેલું ગીત,

'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે....

કંકરિયા મોહે મારી ગગરિયા ફોર ડારી....'

આજ એ પણ મારી સ્મૃતિમાં અંકિત છે. એ ગીતમાં રાધાના સ્વાંગમાં મુસ્લિમ અભિનેત્રી મધુબાલાને નૌશાદમિયાંના સ્વરોમાં અભિનય કરતી જોવી એ હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિના સમૃદ્ધ સમન્વયનું વાસ્તવિક અને કલાત્મક પાસું છે. ભગવાન શ્રીકૃષ્ણનો આ મહિમા માત્ર અર્વાચીન યુગના મુસ્લિમોમાં જ જોવા મળતો નથી. પણ છેક મધ્યકાલીન યુગમાં પણ આ ઘેલછા પ્રસરેલી જોવા મળે છે. ભારતમાં મોગલશાસન મધ્યાહ્ને હતું ત્યારે કૃષ્ણનો મહિમા ગાવા અને તેને વ્યક્ત કરવા ખુદ બાદશાહ અકબર તરફથી પ્રજાને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. મોગલ સમ્રાટ

અકબરનાં ફોઇના પુત્ર અને નવાબ અબ્દુર્રહીમ ખાનખાના શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. શ્રીકૃષ્ણની શાનમાં તેમણે ઘણાં સુંદર ગીતો (પદો) રચ્યાં હતાં.

આવા જ એક અન્ય કૃષ્ણભક્ત હતા, દિલ્હીના શાહી ખાનદાનના સૈયદ ઇબ્રાહીમ. એક વાર સૈયદ ઇબ્રાહીમ પોતાની ધૂનમાં રસ્તા પર ચાલ્યા જતા હતા. અને તેમના કાને શબ્દો પડ્યા, ‘રસો વૈ સ:’ અર્થા ‘ઇશ્વર-ખુદા તો રસની ખાણ છે.’ સૈયદ ઇબ્રાહીમને આ વિચાર ગમી ગયો. તેમણે એ વિધાનના ઉચ્ચારક પંડિતને પૂછ્યું , “રસની ખાણ જેવા ઇશ્વર-ખુદા ક્યા માર્ગે મળશે?” અને પંડિતજીએ સૈયદ ઇબ્રાહીમને શ્રીકૃષ્ણનો પરિચય કરાવ્યો અને એ જ ક્ષણથી સૈયદ ઇબ્રાહીમ કૃષ્ણનો મહિમા ગાનાર રસખાન બની ગયા. પછી તો રસખાનની કલમે ઇતિહાસ સર્જ્યો.

પંજાબની એક મુસ્લિમ કવયિત્રી ‘તાજ’ પણ ભગવાન શ્રીકૃષ્ણથી એટલી પ્રભાવિત થઇ હતી કે તેણે પોતાની કવિતામાં લખ્યું.

‘છેલ જો છબીલા સબ રંગ મેં રંગીલા
બડા ચિત્ત કા અડીલા કહુ દેવતાઓસે ન્યારા હૈ....
માલા ગલે સોહે નાક મોટી સેત સોહો,
કાન મોટે મન કુંડલ મુકુટ શીશ ધારા હૈ... ‘

આવા જ એક કૃષ્ણચાહક શાયર હજરત નફીસ ખલીલી હતા. તેમણે પોતાના કાવ્યમાં કૃષ્ણ ભગવાનના બાલ્યકાળનું સુંદર વર્ણન કર્યું છે.

‘કન્હૈયા કી આંખે હિરન-સી નશીલી,
કન્હૈયા કી શોખી કલી-સી-રસીલી,
કન્હૈયા કી છબી દિલ ઉડાને વાલી,

કન્હૈયા કી સૂરત લુભા દેને વાલી,
કન્હૈયા કી હર બાત મેં રસ કી ફુહારી.'

આગ્રાના એક શાયર મિયાં નઝીર અકબરાબાદી પણ શ્રીકૃષ્ણના ચાહક હતા. તેમણે કૃષ્ણની બાળલીલાને પોતાના સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. કૃષ્ણની વાંસળી અંગે તેઓ લખે છે -

'જબ મુરલીધરને મુરલી કો અપની  અધર ધરી,
ક્યા ક્યા પ્રેમ પ્રીતિ ભરી ઉસ મેં ધૂન ભરી.'

શ્રીકૃષ્ણ મહાભારતનું એક એવું અદ્ ભુત કિરદાર છે જેના આચરણમાં દુષ્ટોનો નાશ અને સત્યનો વિજય છે. જેમાં ધર્મનું પાલન અને અધર્મનું નિકંદન છે. અને એટલે જ

પંજાબના મુસ્લિમ નેતા મૌલાના ઝફરાલીખાં સાહેબ શ્રીકૃષ્ણના ઉપદેશોને આજના યુગમાં અમલી બનાવવા પર ભાર મૂકતા લખે છે-

‘અગર કૃષ્ણ કી તાલીમ આમ હો જાયે,’
તો કામ ફિતનાગારોં કા તમામ હો જાયે.
વતન કી ખાક કે જર્રોં સે ચાંદ પૈદા હો,
બુલન્દ ઇસ કદર ઇસ કા મકામ હો જાયે.
હૈ ઇસ તરાને મેં ગોકુળ કી બાંસુરી ગુંજ
ખુદા કરે કી યહ મકબૂલ આમ હો જાયે.’

મહામનવીના જીવનકવન જ તેમને ભક્તમાંથી ભગવાન બનાવે છે. અને ત્યારે એવા મહામાનવો કોઇ એક કોમ કે ધર્મની જાગીર નથી રહેતા પણ સમગ્ર માનવજાતનો પ્રેમ, આદર અને વંદનીય સ્થાન પામે છે. શ્રીકૃષ્ણ પણ એવી જ એક

વિભૂતિ બની ગયા છે. મુસ્લિમ કવિઓ, શાયરો અને સંતોના હ્રદયમાં તેમણે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે અને એટલે જ કૃષ્ણનો મહિમા હંમેશાં તેમની કલમમાંથી ધર્મ, જાતિ કે કોમના વાડાઓને તોડીને પ્રગટ થતો રહ્યો છે, અને પ્રગટતો રહેશે, સંત કબીરે એટલે જ કહ્યું છે,

‘ જ્યોં તિલ માહીં તેલ રૈં
જ્યોં ચકમક મેં આગિ,
તેરા સાંઇ તુજ મે હૈં
જાગિ સકૈ તો જાગિ.’

# કોમી એખલાસનું ધામ: ભાવનગર

ગુજરાત-સૌરાષ્ટ્રનાં શહેરોમાં ભાવનગરનું નામ એક સંસ્કાર ભૂમિ તરીકે જાણીતું છે. કલા-સાહિત્ય, શિક્ષણ-વ્યાયામ, રાજકારણ જેવાં ભિન્ન ક્ષેત્રોમાં હિંદુ-મુસ્લિમની સહિયારી ભાગીદારીએ અદ્ ભુત પ્રદાન કર્યું છે. કાચચિત્રોમાં એક સ્મયે ભાવનગરમાં કાનજીભાઇ મોચી સાથે ઇબ્રાહીમ લાખાણી,નૂરીબહેન, ઝુબેદાબહેનનાં નામો જાણીતાં હતાં. તો સાહિત્ય ક્ષેત્રમાં કૃષ્ણલાલ શ્રીધરાણી અને ઝવેરચંદ મેઘાણી સાથે બેફામ, શાહબાઝ, બરકત વીરાણી અને કિસ્મત કુરેશી જેવાં નામો પણ લોકજીભે રમતાં હતાં, શિક્ષણમાં હરભાઇ ત્રિવેદી, નાનાભાઇ ભટ્ટ સાથે વ્યાયામ પ્રવૃત્તિમાં યુવાનોમાં જાણીતા બહાઉદ્દીન શેખ અને સ્વામીરાવ જેવા નરબંકાઓનાં નામો ઇતિહાસનાં પાનાંઓ પર અંકિત થયેલાં છે. ભાવનગરના ઇતિહાસમાં મહેકતા

આવા કોમી એખલાસને યાદ કરીએ છીએ ત્યારે એક ફકીરે ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીને આપેલી દુવા યાદ આવી જાય છે.

1902માં પ્રભાશંકર પટ્ટણી દીવાન થયા પછી એક વાર મહારાજા ભાવસિંહજી ધરમપુર ગયા ત્યાં પોલો રમતા ઘોડા પરથી પડી ગયા અને બેભાન થઇ ગયા. એ સમાચાર ભાવનગરમાં દીવાન પટ્ટણીસાહેબને મળ્યા. પ્રભાશંકર પટ્ટણી એક એક હજાર રોકડા રૂપિયાની ત્રણ થેલીઓ લઇ ધરમપુર દોડી ગયા. સંકલ્પ એવો કરેલો કે ધરમપુર ગામમાં પ્રવેશતાં જ દરબારગઢ સુધીના માર્ગમાં જે જે ગરીબ ગુરબાં મળે તેને ખેરાત(દાન) રૂપે રૂપિયા આપતા જવા. દરબારગઢના દરવાજે એક અંધ ફકીર બેઠા હતા. પ્રભાશંકરે મુઠ્ઠી ભરી તેમના હાથમાં રૂપિયા ધરી દીધા.

"યા અલ્લાહ, યે કૌન ફિરસ્તા હૈ?" વૃદ્ધ પ્રભાશંકરનો હાથ પકડતાં કહ્યું. પ્રભાશંકર ઉતાવળમાં હતા એટલે બોલી ઊઠ્યા,

"બાબા, અત્યારે મને જવા દો, મારા મહારાજા બેભાન પડ્યા છે."

ફકીરબાબાને આ વિધાન સાંભળી કંઇક અમંગલ બન્યાનો અહેસાસ થયો. અને તેઓ બોલી ઊઠ્યા,

"બચ્ચા, જા તું જિસકે પાસ જા રહા હૈ, વો તેરે જાને કે બાદ આધે ઘંટેમેં તુઝસે બાતેં કરને લગેગા."

અને પ્રભાશંકર ઉતાવળા પગે દરબારગઢમાં પ્રવેશ્યા. જેવા તેઓ મહારાજા ભાવસિંહજીની પથારી પાસે પહોંચ્યા કે ભાવસિંહજી ભાનમાં આવવા લાગ્યા. થોડી વારમાં તો પ્રભાશંકર સાથે વાતોએ વળગ્યા હતા. પોતાના મહારાજાને તંદુરસ્ત જોઇ પ્રભાશંકર પટ્ટણીને પેલા અંધ ફકીરબાબા યાદ આવી ગયા. મહારાજા-

સાહેબનીરજા લઇ તેઓ ફકીરબાબા પાસે આવ્યા. થેલીમાંથી મુઠ્ઠી ભરીને રોકડા રૂપિયા કાઢી ફકીરબાબાને આપતા બોલ્યા,

“ફકીરબાબા, મેરે મહારાજા ઠીક હો ગયે હૈં. લીજિયે યે રૂપિયે રખીએ.” ફકીરબાબાએ પ્રભાશંકરના હાથને અટકાવતાં કહ્યું, “બચ્ચા, મુઝે રૂપિયા નહિ ચાહિએ, લેકિન અગર તું માને તો મેરી એક શર્ત હૈ.”

“કહીયે ફકીરબાબા.”

“તું મેરે સાથ યહ ફૂટપાથ પર બૈઠ. ઔર યે રૂપિયે જરૂરતમંદો કો બાંટ. ખુદા તેરે મહારાજ કી ઔર તેરી ઇજ્જત બઢાયેગા.” અને ફકીરબાબાની વિનંતી સ્વીકારી ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણી સિક્કાઓની થેલીઓ લઇ ફૂટપાથ

પર ફકીરબાબા સાથે બેઠા. સાંજ સુધી જરૂરતમંદોને સિક્કા આપતા રહ્યા. સાંજે પ્રભાશંકર એ અંધ ફકીરબાબાની રજા લઇ ત્યાંથી ઊઠ્યા ત્યારે ફકીરબાબાએ ખુશ થઇ દુવા દેતાં કહ્યું,

“તેરે બાદશાહ કે મુલ્કમેં ભગવાન કે ભક્ત ઔર ખુદા કે બંદે દોનોં મહોબ્બતકી મિસાલ (દૃષ્ટાંત) બનકે રહેંગે.”

એ ફકીરબાબાની દુવા-પ્રાર્થના ભાવનગર રાજ્યમાં ચારેકોર પ્રસરી ગઇ. કોમી એખલાસ ભાવનગરની સાંસ્કૃતિક પરંપરાનો એક અદ્વિતીય હિસ્સો બની ગઇ. તેની સાક્ષી પૂરતા મહાપુરુષો અને ઘટનાઓથી ભાવનગરનો ઇતિહાસ મિસાલ રૂપ બની ગયો છે.

ભાવનગરના બે નરબંકાઓ શ્રી સ્વામીરાવ, જેઓ ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામના ઇતિહાસમાં પૃથ્વીસિંહ આઝાદ તરીકે જાણીતા છે અને બહાઉદ્દીન શેખ જેમના વિશે તખ્તસિંહ પરમારે લખ્યું છે,

“બહાઉદ્દીનની અટક શેખ. પૂરું નામ બહાઉદ્દીન ઉસ્માન શેખ. પણ એ મુસલમાન છે એવું કોઇ દિવસ નહોતું અનુભવ્યું .અખાડામાં કે બહાર તેમના સંસર્ગમાં હિંદુપણું કે મુસ્લિમપણું યાદ જ નહોતું આવતું. માત્ર ભારતીયપણું જ લક્ષમાં રહેતું , ઊપસતું. બહાઉદ્દીનભાઇના વ્યક્તિત્વનું આ ન ભુલાય તેવું લક્ષણ. એ પૂરેપૂરાં રૂંવાડે રૂંવાડે હિંદી. ને એમનો શિષ્યવર્ગ હિન્દી જ રહે તેવી તેમની અસર.”

આ બંને નામો ભાવનગરના ઇતિહાસમાં‘મિયાં-મહાદેવની જોડી’ તરીકે જાણીતાં છે. એક સમયે ભાવનગરમાં કોમી તંગદિલી વ્યાપી. ત્યારે પણ મિયાં-

મહાદેવની આ જોડીએ જાહેરાત કરી કે મિયાં બહાઉદ્દીન શેખ મંદિરની રક્ષા કરશે અને મહાદેવ સ્વામીરાવ મસ્જિદની રક્ષા કરશે. એ ઘટનાનો ચિતાર આપતા સ્વામીરાવ લખે છે, “જ્યારે મંદિર અને મસ્જિદ પર હુમલો થવાનો ભય હતો ત્યારે મેં નગરજનોને વિશ્વાસથી કહ્યું કે બંને સ્થાનો પર કંઇ જ નહિ થાય. જે નવજવાનોને મેં સામાજિક કાર્યો માટે તૈયાર કર્યા હતા, તે તમામને ભેગા કર્યા. સૌ જાણતા હતા કે મારો અંગત મિત્ર મુસ્લિમ છે. અમારા વચ્ચે અનહદ મહોબ્બત છે. અમે એક જ થાળીમાં જમીએ છીએ. અને એટલે જ અમે ‘મિયાં-મહાદેવ’ની જોડી’તરીકે ભાવનગરમાં જાણીતા છીએ. શહેરમાં અમે જાહેર કરી દીધું કે મિયાં મંદિરની રક્ષા કરશે અને મહાદેવ મસ્જિદની રક્ષા કરશે. મહાદેવના મૃત્યુ પછી જ કોઇ હિંદુ મસ્જિદમાં દાખલ થઇ શકશે. અને મિયાંના મૃત્યુ પછી જ કોઇ મુસ્લિમ મંદિરને હાનિ પહોંચાડી શકશે. મંદિર-મસ્જિદની રક્ષા કાજે મિયાં-મહાદેવ પોતાના જાનની પણ

પરવા કરશે નહિ. અને અમારા સાથીઓ સાથે આખા શહેરમાં ફરતા રહ્યા. પરિણામે વાતાવરણ શાંત થઇ ગયું. અને મંદિર અને મસ્જિદ સુરક્ષિત રહ્યાં.”

ભાવનગર શહેરની આવી કોમી એખલાસની પરંપરાના કાંગરા ધર્મના નામે ક્યારેય ખંડિત થયા નથી. વર્ષોથી આંબાચોકમાં નારેશ્વર મહાદેવનું મંદિર અને જુમ્મા મસ્જિદ આવેલાં છે. નારેશ્વરના મંદિરની સંધ્યાની આરતી અને જુમ્મા મસ્જિદની મગરીબની અઝાન એકસાથે મધુર લયમાં વર્ષોથી ભાવનગરની પ્રજા માણે છે. ભાવનગર જિલ્લાના પરમ આદરણીય સંત-કથાકાર મોરારિબાપુની કથા સમયે કાસમની પાણીની પરબડી ભક્તજનોને તૃપ્ત કરવા હંમેશાં હાજર જ હોય છે. અને એ જ કથામાં પૂજ્ય મોરારિબાપુ મુસ્લિમ શાયરોની શાયરીઓ ટાંકી બંને

સંસ્કૃતિઓનો અ ભુત સમંવય સાધે છે ત્યારે તેમનામાં એક સાચા સામાજિક સંતનાં દર્શન સૌને થાય છે.

આવા કોમી એખલાસથી તરબતર ભૂમિ પર જ રજબાલી ગુલામાલી લાખાણી (19/09/1946) જેવા કોમી એખલાસના આશક જન્મે એ સ્વાભાવિક છે.ભાવનગરમાં 1942ની હિ દ છોડો ચળવળમાં સક્રિય રહેલા રજબાલી માટે પોતાના કોમી એખલાસના વિચારોને પ્રસરાવવા ભાવનગરની ભૂમિ સાંકડી લાગી અને સમગ્ર ગુજરાતને ભાઇચારાનો પાઠ ભણાવવા અમદાવાદની વાટ લીધી. અમદાવાદમાં 1946માં ફાટી નીકળેલાં કોમી રમખાણોના ગનિને ઠારવા રજબાલી અને તેમના પરમ મિત્ર વસંતરાવ હિગિષ્ઠ અમદાવાદની સડકો પર પ્રેમનું શસ્ત્ર લઇ' હિન્દુ-મુસ્લિમ ભાઇ ભાઇ' ના નારાઓ સાથે નીકળી પડ્યા. અને હિન્દુ-મુસ્લિમ

વચ્ચેનો રોષનો અગ્નિ ઠારવામાં બંને મિત્રોએ શહીદી વહોરી લીધી. એ દિવસ હતો 1 જુલાઇ 1946. ભાવનગરના એ સપૂતનું બલિદાન કોમી એકતા માટે સીમાચિહ્ન રૂપ છે.

ભાવનગરના શાસકોએ પણ હિન્દુ-મુસ્લિમ એકતા-ભાઇચારાનાં અનેક દૃષ્ટાંતો પૂરાં પાડ્યાં છે. ભાવસિંહજીના માનીતા ચોકીદાર ફત્તેહખાન અને તેમના પુત્ર જમાદાર મક્કેખાનથી માંડીને કૃષ્ણકુમાર સિંહજીના વાહનચાલક કાસમ સિપાઇ સાથેનો રાજઘરાનાનો સંબંધ ઊંચનીચના ભેદભાવોથી પર હતો. જમાદાર મક્કેખાનને તો તેઓ ઑક્ટોબર 1968ના રોજ 90 વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધી જીવાઇ રૂ.એકસો રાજ્ય તરફથી ચૂકવવામાં આવતી હતી. માત્ર મુસ્લિમ કોમ પ્રત્યે જ નહિ, અન્ય લઘુમતી સમાજ પ્રત્યે પણ શાસકોનો પ્રેમ અદ્ ભુત હતો. તેનું

ઉત્તમ દૃષ્ટાંત પારસી સ ગૃહસ્થ ડૉ. બરજોરજી હતા. ભાવનગરના દીવાનપદ પરથી વિઠ્ઠલભાઇ રાજીનામું આપી નિવૃત્ત થયા ત્યારે ડૉ. બરજોરજીને ભાવનગરના દીવાન બનાવવામાં આવ્યા હતા. અને ત્યારે ભાવસિંહજીના આ પગલાની પ્રજાએ પ્રશંસા કરી હતી. ભાવનગરની આ કોમી એખલાસની પરંપરા છેક બાલમંદિરનાં ભૂલકાંઓને ઘોડાગાડી અને હવે રિક્ષામાં શાળાએ લઇ જતા અને સંભાળપૂર્વક ઘરે પહોંચતા કરતા મુસ્લિમ રિક્ષાચાલકોના વિશ્વાસ અન પ્રેમ પર શંકા કરવી અસ્થાને છે.

આવા કોમી એખલાસના મંદિર સમા ભાવનગરમાં હિન્દુ-મુસ્લિમ એકતા, એખલાસ કે મહોબ્બતને લૂણો લગાડતી કોઇક ઘટના ક્યારેક ઘટે છે ત્યારે પેલા ફકીરબાબાના શબ્દો આવી જાય છે,

'તેરે બાદશાહ કે મૂલ્ક મેં ભગવાન કે ભક્ત ઔર ખુદા કે બંદે દોનોં મહોબ્બતકી મિસાલ બનકે રહેંગે.'

અને અનાયાસ ઘટેલી એ દુ:ખદ ઘટનાઓ ને હ્રદય એકાએક ભૂલી જઇ પુન: એખલાસના વાતાવરણમાં ધબકવા આતુર બની જાય છે.

# ‘એકેશ્વરવાદ અને બંધુત્વ ઇસ્લામની દેણ છે’

‘મોહન’ માંથી ‘મહાત્મા’ બનતા પૂર્વે ગાંધીજી અનેક સામાજિક-રાજકીય સમસ્યાઓ, સંઘર્ષો, યાતનાઓમાંથી પસાર થયા હતા. તે તમામનો ઉકેલ માત્ર સત્ય અને અહિંસાના માર્ગે જ તેમણે આપ્યો હતો. ગાંધીજી દરેક ધર્મના અભ્યાસુ હતા. ઇસ્લામ અંગે પણ તેમની ઊંડી સમજ હતી. આજે ઇસ્લામ અંગે પ્રવર્તતી ગેરસમજોનો ઉકેલ ગાંધીજીના ઇસ્લામ અંગેના વિચારોમાં દેખાય છે. ઇસ્લામને તેના કહેવાતા તજ્જ્ઞો જે રીતે સમજ્યા હતા, તેથી કદાચ વધુ હકારાત્મક દૃષ્ટિએ ગાંધીજીએ પોતાના વિચારોમાં ઇસ્લામને વ્યક્ત કરેલ છે. અહીં એ થોડાં વિચારોનું આચમન કરવાનો ઉદ્દેશ છે.

“હું ઇસ્લામને પણ ખ્રિસ્તી, બોદ્ધ અને હિંદુ ધર્મની જેમ જ શાંતિનો ધર્મ સમજું છું. પ્રમાણનો ભેદ છે એમાં શક નથી, પણ આ બધા ધર્મોનું લક્ષ્ય શાંતિ જ છે.”(નવજીવન, 23-01-1927 પૃ. 164)

“ઇશ્વર એક જ છે એવી નિર્ભેળ માન્યતા અને મુસલમાન નામથી જેઓ ઇસ્લામમાં છે તે સૌ માટે માણસ માત્ર ભાઇઓ છે એ સત્યનો વહેવારમાં અમલ એ બે વસ્તુઓ ઇસ્લામે હિંદની રાષ્ટ્રીય સંસ્કૃતિમાં આપેલો અનોખો ફાળો છે. આ બે વસ્તુઓને મેં ઇસ્લામના અનોખા ફાળા લેખે ગણાવી છે. તેનું કારણ એ છે કે માણસ માત્ર ની બંધુતાની ભાવનાને હિંદુ ધર્મમાં વધારે પડતું તાત્વિક સ્વરૂપ અપાઇ ગયું છે. તેવી જ રીતે હિંદુ ધર્મના તત્ત્વજ્ઞાનમાં ઇશ્વર સિવય કોઇ દેવ નથી છતાં ઇશ્વર એક છે એ સત્યની બાબતમાં ઇસ્લામ જેટલો માન્યતામાં આગ્રહપૂર્વક અણનમ છે

તેટલો વ્યવહારુ હિંદુ ધર્મ નથી, એ બિના ના પાડી શકાય તેવી નથી."(અક્ષરદેહ-40પૃ. 57)

ઇસ્લામ તલવારના જોરે પ્રચાર પામ્યો છે તેવી માન્યતા આજે પણ દૃઢ બનતી જાય છે. ગાંધીજી એ અંગે લખે છે:

"ધર્મપરિવર્તન માટે બળ વાપરવાનું યોગ્ય ઠરાવે એવું કુરાનમાં કશું જ નથી. આ પવિત્ર ગ્રંથ તદ્દ્ન સ્પષ્ટ શબ્દોમાં કહે છે," ધર્મમાં કોઇ બળજબરી હોઇ શકે નહીં" પયગંબર સાહેબનું સમસ્ત જીવન ધર્મમાં બળજબરીના એક ઇનકાર જેવું છે. કોઇ પણ મુસ્લમાને બળજબરીને ટેકો આપ્યાનું મારી જાણમાં નથી. ઇસ્લામને જો તેના પ્રચાર માટે બળજબરી પર આધાર રાખવો પડતો હોય તો તે એક વિશ્વધર્મ ગણાતો મટી જશે."(અક્ષરદેહ-21, પૃ.195-196)

ગાંધીજીએ વારંવાર સ્વીકાર્યું કે તેમણે કુરાને શરીફનું અધ્યયન કર્યું છે. કુરાને શરીફમાં અહિંસાના વિચારને પ્રાધાન્ય આપ્યાનું પણ તેમણે પોતાનાં લખાણોમાં સ્વીકારેલ છે. ગાંધીજી લખે છે, " કુરાને શરીફ મેં એકથી વધુ વેળા વાંચ્યું છે. મારો ધર્મ આ દુનિયાના બધા મહાન ધર્મોમાં જે કંઇ સારું છે તે લેવાની અને પચાવવાની અનુકૂળતા આપે છે. બલ્કે, તેમ કરવાની મારા પર ફરજ પાડે છે."(હરિજનબંધુ 29/10/1939 પૃ.271)

"હું ઇસ્લામને જરૂર એક ઇશ્વરપ્રેરિત ધર્મ માનું છું તેથી કુરાને શરીફને પન ઇશ્વરપ્રેરિત માનું છું. તેમ જ મહંમદ સાહેબને એક પયગંબર માનું છું." (હરિજનબંધુ, 14/07/1940, પૃ.143)

"હું એવા અભિપ્રાય ઉપર આવ્યો છું કે કુરાને શરીફનો ઉપદેશ મૂળમાં જોતાં અહિંસાની તરફદારી કરનારો છે. એય કહ્યું છે કે અહિંસા એ હિંસા કરતાં બહેતર છે. અહિંસાનું આચરણ ફરજ સમજીને કરવાનો તેમાં આદેશ છે. હિંસાની માત્ર જરૂર તરીકે છૂટમૂકી છે એટલું જ." (હરિજનબંધુ, 14/07/1940,પૃ. 142)

"કેટલાક મુસ્લિમ મિત્રો મને સંભળાવે છે કે મુસલમાનો નિર્ભેળ અહિંસાને કદી સ્વીકારશે નહીં. તેમના કહેવા મુજબ મુસલમાનોને મન હિંસા એ અહિંસાના જેટલી જ ધર્મ્ય તેમજ આવશ્યક છે. સંજોગો અનુસાર બેમાંથી ગમે તે વડે કામ લેવાય. બેઉ માર્ગની ધર્મ્યતા પુરવાર કરવાને કુરાને શરીફનો ટેકો ટાંકવાની જરૂર નથી. એ માર્ગે તો દુનિયા અનાદિકાળથી ચાલતી આવેલી છે. વળી, દુનિયામાં નિર્ભેળ અહિંસા જેવી કોઇ વસ્તુ નથી. ઊલટું ઘણા મુસ્લમાન મિત્રો પાસેથી મેં

સાંભળ્યું છે, કે કુરાને શરીફમાં અહિંસાના આચરણનો આદેશ છે. એમાં વેર કરતાં સબ્ર(સહનશીલતા)ને શ્રેષ્ઠ ગણી છે. ખુદ ઇસ્લામ શબ્દનો જ અર્થ શાંતિ એટલે કે અહિંસા છે."(હરિજનબંધુ, 08/10/1939, પૃ.246)

"ઇસ્લામ માનવજાતના બંધુત્વ અને એકતાને માટે ખડો છે. માનવવંશની એકતાને છિન્નભિન્ન કરી નાંખવાનો તેનો ઉપદેશ નથી. તેથી, જે લોકો હિંદુસ્તાનને ઘણું ખરું પરસ્પર લડતા ઝગડતા સમૂહોમાં વહેંચી નાંખવા માંગે છે, તે લોકો હિન્દુસ્તાનના તેમ જ ઇસ્લામના વેરી છે." (હરિજનબંધુ, 13/10/1946, પૃ. 357)

ગાંધીજીનું ઉપરોક્ત છેલ્લું વિધાન આજે ઇસ્લામના નામે જેહાદ કરી, ઇસ્લામને બદનામ કરનારાઓ તરફ આંગળી ચીંધે છે. શાંતિ, સમર્પણ, ત્યાગ, બલિદાન જેવા આદર્શોથી ભરપૂર એવા ઇસ્લામનું આવું સાચું સ્વરૂપ આજે જુદાં જુદાં

માધ્યમો દ્વારા આમ સમાજ સુધી મુકાશે તો અત્યંત ગેરસમજોથી ભરપૂર ઇસ્લામ અંગે થોડી પણ ગેરસમજો દૂર કરી શકાશે.

# ન્યાય

આકાશમાંથી

ઇશ્વર-ખુદા

બેગુનાહ માનવીઓની

સળગતી, લૂંટાતી

દુકાનો, મકાનો

અવાચક બની

જોઇ રહ્યો;

પત્નીઓના સુહાગો,

માતાઓના પુત્રો,

બહેનોના ભાઇઓ,

ભાઇઓની બહેનો

સઘળા નિર્દોષોને

મૌન નજરે

તાકી રહ્યો. તેના મૌનની

વેધક ભાષા

જાણે કહેતી હતી -

‘હું,

એ નરપિશાચોને નહીં છોડું,

જેણે આગવા ગુજરાતને

દોઝખ બનાવ્યું

અલબત્ત,

મારા ન્યાયમાં

દેર જરૂર છે

પણ,

તમારે ત્યાં જેવું

અંધેર નથી.’

# સુકૂનનું વાસ્તુ

અશાંતિ, હુલ્લડ, લાઠીચાર્જ,
ટિયરગૅસ, ફાયરિંગ ,
ભય, અવિશ્વાસ.
આપણા આગવા ગુજરાતમાં
પ્રસરેલ આ શબ્દોથી
પાંચ વર્ષના બાળકથી
સાઠ વર્ષના વૃદ્ધ સૌ
ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા.

આ શબ્દો આગવા ગુજરાતને
એવા ચીપક્યા જાણે
દીવાલે ચોંટેલી પાટલા ઘો !
મોતના તાંડવમાં
સૌ વીસરી ગયા--
ઉત્સવો, બર્થ ડે પાર્ટી,
મેરેજ એનિવર્સરી, લગ્ન સમારંભ
કે વાસ્તુ !
હાસ્ય કેવું હોય,
તેની આછેરી ઝલક જોયે પણ જાણે
આગવા ગુજરાતને

વર્ષોના વાયરા વહી ગયા.(વા'ણા વાઇ ગયા)

---------------------

ચાલો, એ વાયરાને પુન: પ્રસરાવીએ,

આનંદને પુન: જીવંત કરીએ,

હાસ્યને પુન: માણીએ

બચી ગયેલા 'સુફ્રન'ના

વાસ્તાને ઊજવીએ.

જો શાંતિ હોય તો

જરૂર આવજો,

હસવા-હસાવવા

ખાવા-પીવા,

આનંદ કરવા,

મોજ-મસ્તી માણવા

અને

સૌગાદમાં સાથે લાવજો

આગવા ગુજરાતે ગુમાવેલ

શાંતિ, વિશ્વાસ,

સુકૂન, એખલાસ

અને મીઠું હાસ્ય !

# મન તરપત હરિ દરસન કો આજ

હિન્દુ સમાજમાં ‘મહાશિવરાત્રી’ નિયમિત રીતે ઊજવે છે. આપણા વેદો અને પુરાણોમાં ભગવાન શિવનો મહિમા અનેક રીતે વ્યક્ત થયો છે. ભગવાન શિવ માત્ર ધર્મ અને શ્રદ્ધાનું જ કેંદ્ર નથી. ભારતીય શાસ્ત્રીય સંગીતનું ઉગમસ્થાન પણ છે. તેમના ડમરુમાંથી જ નાદ અને સ્વરની ઉત્પત્તિ થઇ છે. એમ પણ કહેવાય છે કે ભગવાન શંકરે નારદજીને છ મુખ્ય રાગો સાથે મૃત્યુલોકમાં મોકલ્યા હતા, જેમાં ભૈરવી અને માલકૌંસ અગ્ર હતા. માલ અને કૌંસનો અર્થ થાય છે ગળામાં સર્પની માળા ધારણ કરનાર. સ્મય જતાં તેનો ઉચ્ચાર ‘માલકોશ’ થવા લાગ્યો. રાગ માલકોશ વિશે જાણીતા સંગીતકાર મિયાં નૌશાદ અલી(1919-2006) કહે છે: “માલકોશ ભગવાન શિવ કી કર્ણપ્રિય રચના હૈ.”

આ રાગે ભારતીય શાસ્ત્રીય સંગીતમાં તો અદ્ ભુત પ્રદાન કર્યું જ છે, પણ ફિલ્મો માટે મિયાં નૌશાદે ‘માલકોશ’પર આધારિત અનેક કર્ણપ્રિય ગીતો સર્જ્યાં છે, જેણે હિન્દી ફિલ્મ સંગીતમાં કોમી એખલાસ અને સદ્ ભાવનાનાં અદ્ ભુત દૃશ્યો સર્જ્યાં છે.જૂનાં ગીતોના શોખીનો રાગ માલકોશ પર આધારિત બે ગીતો આજે પણ મન ભરીને માણે છે. એક, ફિલ્મ ‘બૈજુ બાવરા’નું ‘મન તરપત હરિદરસન કો આજ’ અને બીજું, ‘નવરંગ’ફિલ્મનું ‘આધા હૈ ચંદ્રમા, રાત આધી.’ પ્રથમ ગીતના સર્જન અને તેમાં ટપકતી કોમી એખલાસની કથા જાણવા જેવી છે. ઇ.સ.1952માં આપણા ગુજરાતી નિર્દેશક શ્રી વિજય ભટ્ટ ના નિર્દેશનમાં સર્જાયેલી અત્યંત સફળ ફિલ્મ ‘ બૈજુ બાવરા’ના કૃષ્ણભજન ‘મન તરપત હરિ દરસન કો આજ’ના સર્જક છે, મહંમદ શકીલ બદાયુની(1916-1970) , જેમને ફિલ્મી દુનિયામાં શકીલ બદાયુની તરીકે સૌ ઓળખે

છે.ઉત્તર પ્રદેશના બદાયુ ગામના વતની શકીલ મોહંમદ ઇ.સ.1944 માં ફિલ્મોમાં કિસ્મત અજમાવવા આવ્યા હતા. અને સૌ પ્રથમ નૌશાદ અલીને તેઓ મળ્યા. નૌશાદ અલીએ તેમને કાંઇક સંભળાવવા કહ્યું. શકીલમાંથી શાયરી ફૂટી:

“ હમ દર્દ કા અફસાના દુનિયા કો સુના દેંગે,

હર દિલ મેં મહોબ્બત કી આગ લગા દેંગે”

શકીલની શાયરીમાં રોમાંસ કરતાં ઇબાદત અને ઝિંદગીની સચ્ચાઇ વધુ ઝલકતી હતી. ‘બૈજુ બાવરા’નું ભક્તિગીત ‘મન તરપત હરિ દરસન કો આજ’તેની સાક્ષી છે. એક મુસ્લિમ શાયર ‘મન તરપત હરિ દરસન કો આજ’લખે છે ત્યારે તેની શુદ્ધ ધર્મભાવના તેમાં વ્યક્ત થય છે, જેમાં ક્યાંય હિન્દુ-મુસ્લિમના ભેદ ભાસતા નથી. એ ગીતમાં હરિને પામવાની તડપ શકીલની દરેક કડીમાં સાકાર થયેલી જોવા મળે છે-

“મન તરપત હરિ દરસન કો આજ

મોરે તુમ બિન બિગરે સગરે કાજ

બિનતી કરત હું રખિયો લાજ….. મન તરપત

તુમરે દ્વાર કા મૈં હું જોગી

હમરી ઓર નજર કબ હોગી

સુન મોરે બ્યાકુલ મન કા બાજ….. મન તરપત

બિન ગુરુ જ્ઞાન કહાં સે પાઉં

દીજો દાન હરિગુન ગાઉં

સબ ગુનીજન પે તુમ્હારા રાજ….. મન તરપત

મુરલી મનોહર આસ ન તોડો

દુ:ખભંજન મોરે સાથ ન છોડો

http://aksharnaad.com

મોહે દરસન ભિક્ષા દો આજ..... મન તરપત

આ ગીતના રેકોર્ડીંગની ઘટના પણ જાણવા જેવી છે. જે દિવસે મિયાં નૌશાદ આ ગીતનું રેકોર્ડીંગ કરવાના હતા તેના આગલા દિવસે દરેક સાજિંદાને તેમણે ખાસ સૂચના આપી હતી,

“કલ કૃષ્ણ ભગવાનકી શાનમેં ગાયે જાને વાલે ઇસ ભજન કા રેકોર્ડીંગ હૈ. ઇસ લિયે આપ સબ પાક સાફ હો કર સ્ટુડિયો પર આયેંગે.”

અને એમ જ થયું. સૌ સાજિંદાઓ પવિત્ર થઇ સ્ટુડીયો પર આવ્યા. સૌએ પોતાના જુતા સ્ટુડીયો બહાર જ ઉતાર્યા. ગીતના ગાયક મહંમદ રફી સાહેબ હતા. તેમણે પણ સ્ટુડીયોમાં દાખલ થતાં માથે રૂમાલ બાંધ્યો. આમ અત્યંત પવિત્ર

વાતાવરણમાં ‘મન તરપત હરિ દરસન કો આજ’ ભજનનું રેકોર્ડીંગ થયું. રેકોર્ડીંગ દરમિયાન વાતાવરણ એટલું ભક્તિમય બની ગયું કે સાજિંદાઓને ચુકવણું કરવા હંમેશાં આવતા લલ્લુભાઇ રીતસર  કૃષ્ણભક્તિમાં મગ્ન બની નાચવા લાગ્યા. રેકોર્ડીંગ પૂરું થવા છતાં તે નાચતા જ રહ્યા. એ દૃશ્યને અભિવ્યક્ત કરતાં નૌશાદ મિયાં કહે છે: “લલ્લુભાઇ ભક્તિમેં લીન હોકર રક્શ (નૃત્ય) કર રહે થે. ઉનકો સંભાલના હમારે લિયે મુશ્કિલ હો ગયા થા. બડી મુશ્કિલ સે હમને ઉન્હેં સંભાલા. યે દેખકર મહંમદ રફી સાહબ કહને લગે, નૌશાદ સાહબ, યે આપ કે ગીત કા કમાલ હૈ.”

મૈંને કહા, હુજૂર, યે મેરે ગીત કા નહિ, રાગ માલકોશ કા કમાલ હૈ. ભગવાન શિવ કી પ્રસાદી સે બના રાગ માલકોશ લોગોં કો પાગલ બના દેતા હૈ.”

આજે પણ કૃષ્ણના ભક્તિરસમાં તરબતર આ ભજન જ્યારે પણ વાગે છે, ત્યારે મિયાં નૌશાદ, મહંમદ શકીલ અને મહંમદ રફી જેવા મુસ્લિમોની સર્વધર્મ સદ્ ભાવની ભક્તિ માટે નમી જાય છે.

# 'મજહબ હમેં સિખાતા, આપસમેં પ્યાર કરના'

હિન્દુ અને ઇસ્લામ ધર્મની તસવીરોનું એક હિન્દુ કુટુંબના ઘરમાં સમંવય હોય, અને બંને પ્રત્યેની શ્રદ્ધા સમગ્ર કુટુંબમાં વ્યાપેલી હોય તે ઘટના આજના સંદર્ભમાં અવશ્ય નવાઇ પમાડે તેવી છે. પણ એ સત્યને જાતે નિહાળવાની, માણવાની તક અમદાવાદના નિવાસી જિગ્નેશભાઇ મોદીના ઘરમાં સાંપડી.

આમ તો ગણા વખતથી હું જિગ્નેશભાઇના પરિચયમાં છું. તેઓ તેમનું સમગ્ર કુટુંબ સૌરાષ્ટ્રના મોરબી નજીક આમરણ ગામમાં આવેલ હ્જરત દાવલશાહ પીરના પરમ ભક્ત છે. આ દરગાહનો સમગ્ર ખર્ચ એકલા પંડે તેઓ જ ભોગવે છે અને ત્યાં ભવ્ય દરગાહનું સર્જન કરવાની તેમની ખ્વાહિશ છે. પણ દરગાહનું જતન

કરવું અને પોતાના ઘરમાં ઇસ્લામ ધર્મને શ્રદ્ધાપૂર્વક સ્થાન આપવું, એ બંને બાબતો ભિન્ન છે. અમદાવાદના જોધપુર વિસ્તારમાં આવેલ તેમની સોસાઇટીમાં હું પ્રવેશ્યો ત્યારે મને બિલકુલ અહેસાસ ન હતો કે એક હિન્દુ કુટુંબના ડ્રોઇંગરૂમમાં કાબા શરીફનું 5*4 નું ભવ્ય ચિત્ર કલાત્મક ફ્રેમમાં મઢેલું દીવાલ પર જોવા મળશે. સમગ્ર બેઠકખંડના કેન્દ્રમાં શોભતું કાબા શરીફનું એ ચિત્ર જોઇ મને આનંદ અને થોડી નવાઇ લાગી. દીવાનખંડની બેઠકોની જમણી બાજુ મહાભારતનું યાદગાર દ્રશ્ય, જેમાં મહાભારતનો જાણીતો શ્લોક 'યદા યદા હી ધર્મસ્ય....' લખ્યો હતો.

એક બાજુ ઇસ્લામના પવિત્ર સ્થાન કાબા શરીફનું અને બીજી બાજુ મહાભારતનું અદ્ ભુત દ્રશ્ય જોઇ મારો સ્વર સહેજ ભીનો થઇ ગયો.જિગ્નેશભાઇનાં બંને બાળકો, તેમનાં પત્ની, તેમના મોટા ભાઇ બધાં સાથે હું તેમના બેઠકખંડમાં બેઠો

ત્યારે મેં તેમને પૂછ્યું,”કાબા શરીફનું આટલું વિશાળ ચિત્ર બેઠકખંડમાં આપે મૂક્યું છે, તેથી આપના કુટુંબના સભ્યો થોડા નારાજ તો થયા હશે?”

“ના, ના સાહેબ, અમારા કુટુંબનો દરેક સભ્ય હિન્દુ-મુસ્લિમ બંને ધર્મે રંગાયેલો છે.” આટલી વાત પછી તેમના નિવાસના ઉપરના માળે અમે ગયાં. ત્યારે મારી આંખો વધુ પહોળી થઇ ગઇ. ઉપરના માળે બે પૂજારૂમો હતા. એક પૂજારૂમમાં હજરત દાવલશાહ પીરની ગાડી રાખવામાં આવી હતી. પૂજારૂમના દરવાજા પાસેની દીવાલ પર મસ્જિદ-એ-નબવીની 2*1 ની મોટી તસ્વીર હતી. જ્યારે બીજા રૂમમાં, તેમના કુળદેવી બહુચર માની તસ્વીર સાથે શંકર-પાર્વતી, રાધા-કૃષ્ણ અને ગણેશની તસવીરો હતી. આ જોઇ મેં સહેતુક પૂછ્યું, “રોજ સવારે આ બંને પ્રાર્થનાગૃહમાં તમે પ્રાર્થના કરો છો?”

”મારાં પત્ની બંને પૂજારૂમો સ્વચ્છ રાખે છે. રોજ બંનેમાં દીવો કરે છે, પછી હજરત દાવલશાહ પીરના રૂમમાં હું પ્રાર્થના કરું છું. મારાં પત્ની અમારાં માતાજી અને અન્ય દેવોની પૂજા કરે છે.” લગભગ એકાદ કલાક પછી હિન્દુ-મુસ્લિમ ધર્મના સમંવય સમા જિગ્નેશભાઇના ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે મારા મનમાં ડૉ.ઇકબાલની કવિતા, ‘મજહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના’ની નાવીન્યકરણ પામેલ પંક્તિ રમતી હતી –

”મજહબ હમે સિખાતા, આપસ મેં પ્યાર કરના
હિન્દી હૈં હમ વતન હૈ હિન્દોસ્તાં હમારા.”

# હજરત ઇમામ હુસૈનના ભારત સાથેના સંબંધો

કરબલાના મેદાનમાં મહોરમ માસમાં હજરત ઇમામ હુસૈન તથા યઝીદ સાથેના યુદ્ધ અને તેમની શહાદતને ભારતના કેટલાક ઇતિહાસકારો ભારતીય ઇતિહાસ અને એ સમયના શાસકો સાથે જોડી રહ્યા છે. અલબત્ત, તેની આધારભૂતતા તપાસવી જોઇએ. આમ છતાં ભારતીય ઇતિહાસવિદ્ રાજકુમાર અસ્તાનાએ તેમના પુસ્તક ' પ્રાચીન ભારત' (પ્રકાશન 1936)માં હજરત ઇમામ હુસૈન અને ભારતના સંબંધોનો ઉલ્લેખ કરતાં લખ્યું છે :

“ઇરાનના શહેનશાહ બરદન ઝરદની પુત્રી મહરબાનો, જેનું નામ ભારતમાં આવ્યા બાદ ચંદ્રમુખી થયું હતું, તે ઉજ્જૈનના મહારાજા ચંદ્રગુપ્ત મૌર્યનાં પત્ની હતાં. પોતાના ઇરાની વંશના આધારે હિજરી સન 61માં ઇમામ હુસૈને

કરબલામાં યઝીદના સેનાપતિ ઉમર સઅદ સમક્ષ પોતે ભારત જવા ઉત્સુક હોવાનો વિચાર વ્યક્ત કર્યો હતો.” ઇતિહાસવિદ્ અસ્તાના આગળ લખે છે,

“એવી માહિતી પણ પ્રાપ્ત થાય છે કે કરબલાની લડાઇના પ્રસંગે ચંદ્રગુપ્તને પોતાના સેનાપતિ પંડિત ભૂરિયા દત્તના નેતૃત્વમાં 500 સૈનિકોનું લશ્કર ઇમામ હુસૈનના રક્ષણાર્થે ભારતથી ઇરાક રવાના કર્યું હતું. પરંતુ જ્યારે લશ્કર ઇરાકના કુફા નગરમાં પહોંચ્યું ત્યારે એવી જાણ થઇ કે ઇમામ હુસૈનને યઝીદે શહીદ કરી દીધા છે. ઇમામ હુસૈનનો લૂંટાયેલો કાફલો જ્યારે મદીના પહોંચ્યો ત્યારે ઇમામ હુસૈનની શહાદતનો બદલો લેવા મુખ્તાર સફીક ઊભા થઇ ગયા. ભારતીય લશ્કરનો મોટો ભાગ તેમની સાથે જોડાઇ ગયો. બાકીના સૈનિકો ભારત પરત આવ્યા હતા.”

ઇતિહાસકાર અસ્તાનાના આ સંશોધન મુજબ ભારતીય લશ્કર હજરત હુસૈનની મદદે સમયસર પહોંચી ગયું હોત તો માનવતાની એ લડાઇમાં ભારત-આરબ બંધુત્વનો એક નવો ઇતિહાસ રચાત.

હજરત ઇમામ હુસૈન સાથેના હિન્દુ શાસકો સાથેના સંબંધોને'ઇસ્લાહુ' નામના માસિકના મહોરમ વિશેષાંકમાં પણ સ્વીકારવામાં આવ્યા છે. એપ્રિલ-મે 2002માં લખનૌથી પ્રકાશિત થયેલ એ અંકના 109મા પૃષ્ટ પર લખ્યું છે,

"ઇસ્લામના પ્રણેતા મહંમદ સાહેબના પરિવારના ભારત સાથેના સંબંધો હજરત અલીથી શરૂ થયા છે. ત્યાર બાદ ઇમામ હુસૈનનો ભારત સાથેનો સંબંધ એ રીતે થયો હતો કે ઇરાનના બાદશાહ બરદન ઝરદને ત્રણ પુત્રીઓ હતી.

મોટી પુત્રીનું નામ મહરબાનો, બીજીનું નામ શહરબાનો અને ત્રીજીનું નામ કિસરાનબાનો હતું. તે સમયે ભારતમાં મહારાજા ચંદ્રગુપ્તનું શાસન હતું. તેમની રાજધાની ઉજ્જૈન હતી. તેમના સેનાપતિનું નામ ભૂરિયા દત્ત હતું. ઇરાનના રાજાએ પોતાની મોટી પુત્રી મહરબાનોને મહારાજા ચંદ્રગુપ્ત સાથે પરણાવી હતી.

"મહરબાનો ઇરાની નામ છે.' મહર'નો અર્થ ચંદ્ર થાય છે. એ મુજબ ભારતના ઇતિહાસમાં ચંદ્રમુખી તરીકે જાણીતી છે. ચંદ્રમુખીએ જ સમુદ્રગુપ્તને જન્મ આપ્યો હતો. ઇરાન પર જ્યારે આરબોએ આક્રમણ કર્યું, ત્યારે ઇરાનીઓ પરાજિત થયા. ઇરાની બાદશાહ માર્યા ગયા. ત્યારે તેમની બંને પુત્રીઓને મદીનામાં આશ્રય આપવામાં આવ્યો હતો. તેમાંની શહરબાનો સાથે હજરત ઇમામ હુસૈને નિકાહ કર્યા હતા. ઇમામ હુસૈનના પુત્ર ઝૈનિલ આબિદ્દીનને તેમણે જ જન્મ આપ્યો હતો."

આ ઐતિહાસિક બાબતો એ સૂચવે છે કે હજરત મહંમદ પયગમ્બર(સ.અ.વ.)અને હજરત ઇમામ હુસૈનના ભારત સાથેના સંબંધો ઘણા નિકટના હતા. એ દૃષ્ટિએ હજરત ઇમામ હુસૈન ભારત અને આરબ વચ્ચે બંધુત્વની એક અદ્ ભુત કડી હતા.

# મેરે મહેબૂબ કૈસે હો?

જોસેફ મેકવાન.ગુજરાતી દલિત સાહિત્યનું એક એવું નામ, જેને દલિત સાહિત્યના ‘દાદા’નું ઉપનામ સ્વાભાવિક રીતે સાંપડ્યું છે. એમની‘આંગળિયાત’ ‘વ્યથાના વીતક’ ‘મારી ભિલ્લુ’ ‘માણસ હોવાની યંત્રણા’ અને ‘જનમજલા’ જેવી કૃતિઓને અઢળક ઇનામ-ઇકરામ મળ્યાં છે. છતાં તેમની સાલસતા અને નિરભિમાની વહેવાર સૌને સ્પર્શી જતો. આમ તો સૌ પ્રથમ અમે કોલમ પાડોશી બન્યા હતા. ‘ગુજરાત ટુડે’ ના રવિવારના અંકમાં અમે બંને એક જ પાના પર નિયમિત મળતા. એ નાતે અમે ફોન પર અવારનવાર મળતા અને મુસ્લિમ-દલિત સમાજની સરખી સમસ્યાઓની કલાકો સુધી ચર્ચા કરતા.

પણ જોસેફભાઇને સદેહે મળવાનું સદ્ ભાગ્ય 16/12/1999ના રોજ મને સાંપડ્યું. એ દિવસે ગુજરાત વિદ્યાપીઠના સભાખંડમાં મારા તાજા પુસ્તક ‘ગુજરાતના નવતર સત્યાગ્રહો’નો વિમોચન કાર્યક્રમ મંત્રીશ્રી મહેન્દ્ર ત્રિવેદીના હસ્તે રાખવામાં આવ્યો હતો. એ કાર્યક્રમમાં મિત્રભાવથી છલોછલ બે મિત્રો ઓચિંતા આવી ચડ્યા. એક હતા શ્રીકેશુભાઇ દેસાઇ અને બીજા હતા શ્રી જોસેફ મેકવાન.ભરાવદાર શરીર, કલગીથી ભરાયેલ ગરદન અને ચહેરો, બોલતી આંખો અને હોઠો પર છલકાતા સ્મિતધારી એ મહામાનવનો પરિચય કરાવતા કેશુભાઇ બોલ્યા,

“ આ આપણા મિત્ર જોસેફ મેક્વાન છે.”

અને ત્યારે એ પડછંદ શરીર મને ભેટી પડ્યું. ભેટતાંની સાથે જ તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા,

"મેરે મહેબૂબ કૈસે હો?"

હોલમાં સૌ અમને તાકી રહ્યા. સૌએ અવું જ અનુભવ્યું, જાણે જિગરજાન દોસ્તો વર્ષો પછી મળતા ન હોય ! જો કે જોસેફભાઇ ઉંમરમાં મારા કરતાં ઘણા મોટા(જન્મ:1936) છતાં તેમણે જીવનભર મને એ વાતનો જરાપણ અહેસાસ થવા દીધો ન હતો. તેમની સર્જનપ્રક્રિયા કોઇ વાતાવરણની મોહતાજ ન હતી. જ્યાં બેઠા હોય ત્યાં તેઓ વાર્તા ખોળી કાઢતા. એક વાર બીલીમોરાના બસ સ્ટેન્ડપર બેઠા બેઠા એક વાર્તા ખોળી કાઢી અને લખી પણ નાખી.

જોસેફભાઇના સાહિત્યમાં ડોકિયાં કરતી, દલિત સમાજની વ્યથામાંથી ટપકતી તેમની ઉદ્ધાર માટેની મહેચ્છા સમગ્ર ગુજરાતને સ્પર્શી ગઇ છે. પણ માત્ર દલિત સમાજ પ્રત્યેની જ સભાનતા તેમના વ્યક્તિત્વનું પાસું ન હતું. હિંદુ, ઇસ્લામ

અને ખ્રિસ્તી ધર્મનો તેમનો અભ્યાસ પણ ઊંડો હતો. તેની પ્રતીતિ મને મહેસાણા કાર્યક્રમમાં થઇ. જો કે અમારી સદેહે એ છેલ્લી મુલાકાત હતી. સંજય તુલાએ મહેસાણામાં 22 જુલાઇ 2009ના રોજ ‘સર્વધર્મ સમભાવ પરિસંવાદ’ યોજ્યો હતો. હિન્દુ ધર્મ વિષે મા.શ્રી ભાનુ વિજયશ્રીજીએ, ખ્રિસ્તી ધર્મ વિષે જોસેફભાઇએ અને ઇસ્લામ વિષે મારે બોલવાનું હતું. એ દિવસે જ્યારે હું કાર્યક્રમના હોલ પર પહોંચ્યો, ત્યારે હોલના પગથિયા પર જ મને આવકારતાં ભેટી પડ્યા અને એ જ ઉમળકાના લહેજામાં ફરમાવ્યું,

“ મેરે મહેબૂબ કૈસે હો?”

તેમની એ અદા એ દિવસે મારા જહેન(અંતર)માં કોતરાઇ ગઇ.

છેલ્લા કેટલાક સમયથી તેઓ શારીરિક વ્યાધિઓથી કંટાળી ગયા હતા. તેનો અહેસાસ મને 22 ડિસેમ્બર 2009ના રોજ થયો. એ દિવસે મોડાસા કૉલેજમાં મારું વ્યાખ્યાન હતું. વ્યાખ્યાન પૂર્વે હું અને કૉલેજના આચાર્ય ડૉ. દક્ષેશ ઠાકર વાતોએ વળગ્યા. અને જોસેફભાઇનો ઉલ્લેખ થયો. મેં કહ્યું,

"ઘણા વખતથી જોસેફભાઇ સાથે મારે વાત નથી થઇ."દક્ષેશભાઇ બોલી ઊઠ્યા, "હમણાં જ કરાવી દઉં" અને તેમણે જોસેફભાઇને એ જ ક્ષણે મોબાઇલ જોડ્યો.

"હેલ્લો, બિરાદર કેમ છો ?"

"કોણ બોલો છો?"

"મેહબૂબ દેસાઇ" મારું નામ સાંભળી હોસેફભાઇ એ જ જાણીતા લહેકામાં બોલી ઊઠ્યા,

“મેરે મેહબૂબ કૈસે હો? ક્યાંથી બોલો છો?”

“મોડાસાથી. દક્ષેશભાઇ સાથે તમારી વાત નીકળી એટલે વાત કરવા મન લલચાયું.” અને પછી તો અમે લગભગ વીસેક મિનિટ વાતો કરી. ત્યારે શરીરની વ્યાધિઓ અંગે તેમણે વિસ્તારપૂર્વક વાત કરી. તેમના સ્વરમાં વ્યાધિઓની વ્યથા અનુભવાતી હતી. મેં તેમને હિંમત આપતાં કહ્યું, “તમે તો અડીખમ છો, આવી બાબતો તમને જરા પણ ચલિત કે દુ:ખી કરે તેમ નથી.” પછી વાતને બદલતાં મેં કહ્યું, “તમારા ગ્રંથનું સર્જન થતું હોય અને તેમાં લખવાનું મને જ નિમંત્રણ ન મળે તે તો કેમ ચાલે?”

“મેરે મેહબૂબ ક્યા બાત કરતે હો ! મને તેની ખબર જ નથી. તમને કાલે જ મળી જાય તેમ કરું છું.”

અમારી વચ્ચેનો આ છેલ્લો સંવાદ હતો. તેમના અવસાનના સમાચાર વાંચી મેં સવારે જ સંજયને ફોન કર્યો. ત્યારે સંજયે કહ્યું,"1 થી 12 ફેબ્રુઆરી 2010 તેઓ વિશ્વગ્રામમાં જ હતા. વિશ્વગ્રામનાં બાળકો દાદાના પગો દબાવતાં. પણ જ્યારે દાદાનાં નસકોરાં બોલવા માંડે ત્યારે બાળકો પગ દબાવવાનું બંધ કરી દેતાં. અને ત્યારે દાદા આંખો બંધ રાખીને બોલતા, "હજુ હું જાગું છું બેટા, હાથ કાં અટકાવી દીધો?"

દલિત સાહિત્યના આવા દાદા અને જિન્દા દિલ ઇન્સાન જોસેફભાઇ આંગળિયાત,વહાલનાં વલખાં, મારી પરણેતર, મારી ભિલ્લુ, જનમજલા જેવી અનેક અમર કૃતિઓ ગુજરાતી સાહિત્યજગતમાં અને વાચકોમાં હંમેશાં જીવંત રાખશે,

જ્યારે “મેરે મેહબૂબ કૈસે હો “ જેવું તેમનું પ્રેમાળ સંબોધન મારા હ્રદયના ધબકારમાં જીવનપર્યંત ધબકતું રહેશે-આમીન.

# ઈસ્લામ અને સ્વામી વિવેકાનંદ

એકવાર સ્વામી વિવેકાનંદ જયપુરના મહારાજાના આગ્રહને વશ થઇ તેમની મહેફિલમાં ગયા. ત્યાં સૌ એક ગણિકાનું ગીત સાંભળવા એકઠા થયા હતા. સ્વામી વિવેકાનંદે ત્યાંથી નીકળી જવાનો પ્રયાસ કર્યો પણ સંભવ ન થઇ શક્યું, ગણિકાએ ગીત લલકાર્યું -

“પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો,
સમ-દરશી હૈ નામ તિહારો ચાહે તો પર કરો,
પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો.”

તુલસીદાસનું આ ભજન અત્યંત ભાવથી ગણિકાએ ગાયું.ભજન પૂર્ણ થતાં વિવેકાનંદ ગણિકા પાસે આવ્યા અને ક્ષમા માગતાં કહ્યું, "મા, મારી ભૂલ થઇ ગઇ. હું અહીંથી જતો રહી તમારું અપમાન કરવાનો હતો, પરંતુ તમારા ભજને મારી ચેતનાને જગાડી દીધી છે." સ્વામી વિવેકાનંદની આવી આધ્યાત્મિક સમાનતા-ઉદારતા કલકતાના બેલુરમઠમાં આજે પણ યથાવ છે, તેનો હું સાક્ષી છું. 1961ના ઑક્ટોબર માસમાં બેલુરમઠના ધ્યાનખંડમાં જુમ્માની નમાજ અદા કરવાનો પ્રસંગ મારી સ્મૃતિમાં છે.

ઇસ્લામમાં સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક સમાનતા અને બંધુત્વનો સિદ્ધાંત પાયામાં છે. વિવેકાનંદજી એ સિદ્ધાંતના પ્રશંસક હતા. મહંમદ સાહેબ(સ.વ.અ)ના વ્યક્તિત્વમાંથી નીતરતા એ સિદ્ધાંત અંગે વિવેકાનંદજી કહે છે,

"પયગમ્બર સાહેબ, દુનિયામાં સમતા અને સમાનતાના પ્રખર સંદેશાવાહક હતા. તેઓ ભ્રાતૃભાવના મહાન પ્રચારક હતા."

ઈસ્લામના સમાનતા અને બંધુત્વના વિચારને સદૃષ્ટાંત સમજાવતા વિવેકાનંદકહે છે, " તુર્કસ્તાનનો સુલતાન આફ્રિકાના બજારમાંથી એક હબસી ગુલામ ખરીદીને લાવે છે. તેને જંજિરોમાં બાંધી પોતાના દેશ લઇ જાય છે. પરંતુ જ્યારે એ ગુલામ ઇસ્લામનો અંગીકાર કરે છે ત્યારે એ ગુલામ સમાનતાનો અધિકાર પ્રાપ્ત કરે છે. તે તુર્કસ્તાનના સુલતાનની રાજકુમારી સાથે નિકાહ કરવાનો અધિકાર પણ મેળવે છે. ઇસ્લામની આ ઉદારતા અમેરિકાની હબસી, નિગ્રો અને રેડ ઇન્ડિયનોને ગુલામ બનાવવાની ઘૃણાસ્પદ નીતિની તુલનામાં અત્યંત માનવીય છે."

સાડાચૌદસો વર્ષ પૂર્વે મહંમદ સાહેબે ઇસ્લામને પ્રજા સમક્ષ મૂક્યો હતો. આજે પણ વિશ્વમાં તે અસ્તિત્વમાં છે. તેની પાછળનું રહસ્ય છતું કરતા વિવેકાનંદજી કહે છે," મારી દૃષ્ટિ સમાનતાના મહાન સંદેશાવાહક મહંમદ સાહેબ તરફ વારંવાર જાય છે. કદાચ તમે પૂછ્શો કે તેમના ધર્મમાં સારું શું છે? પણ જો તેમાં સારું ન હોત તો એ આજદિન સુધી જીવંત કેવી રીતે રહ્યો? સત્ય જ ધર્મને ટકાવી રાખે છે. એ જ ધર્મ કાળના પ્રવાહમાં બચી શકે છે, જે કલ્યાણકારી છે."

ઇસ્લામ ધર્મના શાસકો અને સૂફી સંતોની ઇસ્લામ ટકાવી રાખવાની મૂલ્યનિષ્ઠાને વ્યક્ત કરતાં વિવેકાનંદ કહે છે,"ઇંગ્લેન્ડ પાસે હથિયારો છે, ભૌતિક સમૃદ્ધિ છે; જેમ મધ્યકાલીન યુગમાં મુસ્લિમ શાસકો પાસે હતાં. આમ છતાં અકબર વ્યાવહારિક સ્વરૂપે હિંદુ હતો. શિક્ષિત મુસ્લિમો અને સૂફીઓને હિંદુઓથી અલગ

કરવા મુશ્કેલ છે. અન્ય બાબતોમાં તેમની રહેણીકરણી હિંદુ જેવી છે. તેમના અને આપણા વિચારોમાં સાંસ્કૃતિક સમંવય સધાયો છે." ભારતના મધ્યકાલીન યુગથી માંડીને અર્વાચીન યુગ સુધી હિંદુ અને મુસ્લિમ પ્રજા ભારતમાં મહોબ્બત અને એખલાસથી રહી છે.

આમ છતાં ક્યારેક બંને વચ્ચે વિસંવાદિતા પ્રસરાવવાના પ્રયાસો થયા છે. એ પ્રયાસોના મૂળને વ્યક્ત કરતાં વિવેકાનંદ લખે છે," વેદોની આધ્યાત્મિક ઉદારતા ઇસ્લામમાં પણ છે. ભારતનો ઇસ્લામ ધર્મ અન્ય દેશોના ઇસ્લામ ધર્મ કરતાં વિશિષ્ટ છે. જ્યારે બીજા દેશોના મુસ્લિમો અહીંયા આવી ભારતીય મુસ્લિમોને ગેરમાર્ગે દોરે છે અને કહે છે,' તમે વિધર્મીઓ સાથે હળીમળીને કેવી રીતે રહો છો?' અને ત્યારે ભારત તે અશિક્ષિત મુસ્લિમ કોમી વિસંવાદિતામાં ફસાય છે." ઇસ્લામ અને

હિંદુધર્મના સમંવયને વ્યક્ત કરતાં વિવેકાનંદ કહે છે, "આપણી માતૃભૂમિ માટે હિંદુત્વ અને ઇસ્લામ, બુદ્ધિ અને શરીર સમાન છે. બંનેનો સમંવય એ જ આપણી આશા છે."

# ઈસ્લામ અને ભારતીય ધર્મગ્રંથો

16 સપ્ટેમ્બર 2004ના રોજ ગુજરાતના મોટા ગજાના વિદ્વાન માનનીય કે.કા. શાસ્ત્રીએ ભાવનગરના શિક્ષક સાલેહભાઇ વોરાને એક પત્ર લખ્યો હતો, જેમાં લખ્યું હતું, "જ્યાં છેલ્લાં 68 વર્ષથી સેવા આપતો આવ્યો છું, એ ગુજરાત વિદ્યાસભાની ભો.જે.વિદ્યાભવનની લાઇબ્રેરીમાં 188 નાનાં મોટાં ઉપનિષદો છે એમાં 121મું 'અલ્લાહઉપનિષદ' છે, તેની ઝેરોક્સ નકલ તરત કઢાવી આ સાથે મોકલું છું. સંસ્કૃતના કોઇ જ્ઞાતા પાસે જઇ તેનો અર્થ સમજવા પ્રયત્ન કરશો. ઉંમર(100મું શરૂ) અને તબિયતની નબળાઇને કારણે વિવેચન લખી મોકલી શકતો નથી. તેથી ક્ષમા ચાહું છું."

સો વર્ષની ઉંમરે પણ આવી સક્રિયતા, નિષ્ઠા નમન માગી લે છે. શાસ્ત્રીજીનો એ પત્ર અને ‘અલ્લાહઉપનિષદ’બંને સાલેહભાઇએ મને મોકલી આપ્યા. મેં ‘અલ્લાહઉપનિષદ’નો અભ્યાસ કર્યો. મોતીલાલ બનારસી, દિલ્હી દ્વારા સંસ્કૃતમાં પ્રકાશિત અને પંડિત જગદીશ શાહ સંપાદિત અલ્લાહઉપનિષદ આપણી સર્વધર્મ સમભાવની નીતિને વ્યક્ત કરતો અદ્ ભુત દસ્તાવેજ છે. ઉપનિષદ એટલે વેદનો અંતર્ગત ગણાતો અને તેના ગૂઢ અર્થોને સ્પષ્ટ કરતો, બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્ત્વિક ગ્રંથ. એવા અમૂલ્ય ગ્રંથમાં ‘અલ્લાહઉપનિષદ’નો સમાવેશ થાય તે બાબત જ કોઇ પણ અભ્યાસુ માટે ઉત્સુક્તા જગાડે. એટલે મેં ‘અલ્લાહઉપનિષદ’ની એ ઝેરોક્ષ નકલ શામળદાસ આર્ટ્ સ કૉલેજના સંસ્કૃત વિદ્વાન અધ્યાપક અરુણભાઇ જોષીને મોકલી. તેમણે ‘અલ્લાહઉપનિષદ’નો શબ્દશ: અનુવદ કરીને મને મોકલ્યો. ‘અલાહઉપનિષદ’ અર્થાત અલ્લાહનું શરણ એવા મથાળા નીચે તેમાં લખ્યું છે,

“અલ્લાહ દિવ્ય તેજોમય આકાર વિનાનો મહિમા ધારણ કરી રહ્યો છે. તે પ્રથમથી જ મહિમાવાન અપાર શક્તિઓનો માલિક છે. તે સમુદ્ર, પૃથ્વી, આકાશ સર્વનો સર્જક છે. આ દુનિયાના સૌથી મોટા સમ્રાટ કે સાધારણ સંસારીને ન સમજાય તેવો છે.”

“દુનિયાનો મિત્ર અને સૌનું ભલું કરનાર છે. અન્નજળ અને શુભાશિષ આપનાર છે. અલ્લાહને હું પ્રાર્થના કરું છું. સર્વસમર્થ(વરુણ) અલ્લાહ સૌ પાક(પવિત્ર) જીવ પર રહેમ કરે છે.” “અલ્લાહ સ્વયં પ્રકાશ છે. સૂર્ય-ચંદ્ર સૌ તેના આદેશથી તેજ પામે છે. તેના આદેશથી જ જગતમાં બધું સંભવે છે. અલ્લાહ જ દીર્ઘાયુ આપે છે. સુખસાધનો આપે છે. ઇબાદત-સિજદો કરનાર- ભક્તિ કરનારને તે વધુ સુખ આપનાર છે. અલ્લાહ જ સર્વોત્તમ છે, સર્વોપરી છે. તે જ સુરેન્દ્ર (બધા જ તેજસ્વી પદાર્થોનો માલિક ) છે. તે જ સાત ખલકનો જોનાર છે. સાત આસમાન પર

મહેરબાન છે.” “અલ્લાહ અમારા પર રાજી રહો, કૃપા વરસાવો. અમારી ઇબાદત (ભક્તિ)થી સંતુષ્ટ રહો. અલ્લાહ પરમદયાળુ છે. એ જ અમારું આશ્રયસ્થાન છે.”

“અમે સૌ તેના ઋણી છીએ.ઉપકારવશ છીએ.જેનો કદી કોઇથી બદલો વાળી ન શકાય તેવો એકમાત્ર શરણે જવા યોગ્ય અલ્લાહ છે- આમીન.” ‘અલ્લાહઉપનિષદ’નો આ અનુવાદ અલ્લાહ કે ઇશ્વરની અપરંપાર શક્તિની આરાધના છે. ભારતીય સંસ્કૃતિના પાયામાં પડેલ એકેશ્વરવાદનું તે પ્રતીક છે, આપણી સૌ શ્રદ્ધા કે ઇબાદતનું કેન્દ્ર છે.સર્વધર્મ સમભાવનો તે જીવંત દસ્તાવેજ છે. અલ્લાહ એટલે ઇશ્વર અને ઇશ્વર એટલે જ અલ્લાહનું તે આદર્શ દૃષ્ટાંત છે. વેદોમાં અતિ પ્રાચીન ઋગ્વેદમાં ‘નરશંસ’ શબ્દથી શરૂ થતા આઠ શ્લોકો છે. નર એટલે મનુષ્ય અને આશંસ એટલે પ્રશંસિત. અર્થાત મનુષ્યો દ્વારા પ્રશંસિત. એ જ રીતે

મહંમદ શબ્દ હમ્દ ધાતુ પરથી આવ્યો છે. હમ્દ એટલે પણ પ્રશંસા અને મહંમદ એટલે પ્રશંસાપાત્ર.

ઋગ્વેદના એક શ્લોકમાં કહ્યું છે, “દાનશીલ લોકો અમર થઇ જાય છે. ન તેઓ વિનષ્ટ થાય છે અને ન દુ:ખ, ક્લેશ, ભયથી પીડિત થાય છે. દાન આ દાતાઓને આલોક અને સ્વર્ગલોકની સુવિધાઓ પ્રદાન કરે છે.(10:197:8)

કુરાન-એ-શરીફમાં આ જ આધ્યાત્મિક બાબતને રજૂ કરતી એક આયત છે, જેમાં કહ્યું છે, “જે લોકો પોતાનું ધન રાત દિવસ જાહેરમાં છૂપી રીતે ખર્ચ કરે છે, તેમનો બદલો તેમના રબ(ઇશ્વર)ની પાસે છે અને તેમના માટે કોઇ ભય અને દુ:ખની શક્યતા નથી.”(2:273)

ગરીબ, અસહાય અને નિરાધાર માનવીઓની સહાય એ પણ દરેક ધર્મમાં કેન્દ્રમાં છે. ઋગ્વેદના એક અન્ય શ્લોકમાં કહ્યું છે, “જે નિર્ધનો અને વંચિતો પીડિતોની મદદ માટે દાન કરે છે તેનું કલ્યાણ થાય છે, તેના શત્રુઓ પણ તેના મિત્ર બની જાય છે.”(10: 117:3)

કુરાન-એ-શરીફમાં આ જ વાતને જરા જુદા શબ્દોમાં સાકાર કરતા કહેવામાં આવ્યું છે, “જેઓ દરેક હાલતમાં પોતાનું ધન ખર્ચે છે, ચાહે ખરાબ હાલતમાં હોય કે સારી હાલતમાં, જેઓ ગુસ્સાને પી જાય છે અને બીજાઓની ભૂલોને માફ કરે છે-આવા નેક લોકો અલ્લાહને ખૂબ પ્યારા છે.”(3:134)

ઋગ્વેદના એક શ્લોકમાં કહ્યું છે,”જે ઇશ્વર એક છે, તે જ દાનશીલ મનુષ્યને ઘણા પ્રકારની આજીવિકા આપે છે.”(1:84:7)

કુરાન-એ-શરીફમાં કહ્યું છે,”અને પોતાનું ધર્મ ખર્ચ કરો. આ તમારા માટે સારું છે.” “જરા તમે અલ્લાહને ઉત્તમ ઋણ આપો તો તે અનેક ગણું વધારીને આપશે. અને તમારા કુસુરો(ગુનાઓ)ને માફ કરી દેશે.”(64:16)

ઋગ્વેદમાં કહ્યું છે, “પાવન શાસ્ત્રોએ અત્યંત ઉજ્જવળ જ્યોતિને જન્મ આપ્યો અને કાળા અંધકારન નષ્ટ કર્યો.”(9:66:24) આ જ વાતને કુરાને શરીફમાં થોડા અલગ શબ્દોમાં નીચે મુજબ કહી છે. “ આ એક ગ્રંથ છે, જેને અમે તમારા તરફ અવતરિત કરેલ છે, જેથી તમે લોકોને અંધકારમાંથી કાઢીને પ્રકાશ તરફ લઇ જાવ,

તેમના પ્રભુ-પાલનહારની મહેરબાનીથી, એ ઇશ્વરના માર્ગ પર જે પ્રભુત્વશાળી અને સ્વયં પ્રશંસનીય છે."(14:1)

યજુર્વેદમાં કહ્યું છે, "તું જ કર્મ કર અને તું જ તેનાં ફળ ભોગવ."(3:15) કુરાનમાં કહ્યું છે, "અને ત્યાં કોઇ જ બોજ ઉઠાવનાર બીજા કોઇનો બોજ નહિ ઉઠાવે." (53:38)

ઋગ્વેદમાં પાપીઓને ચેતવણી આપતા કેટલાક શ્લોકો છે. એવી રીતે કુરાને શરીફમાં પણ ગુનેગારોને ચેતવણી આપતી આયાતો છે એ મુજબ ઋગ્વેદમાં કહ્યું છે, "બુદ્ધિહીન લોકો ગ્રંથ જોઇને પણ નથી સમજતા અને સાંભળીને પણ નથી સાંભળતા."(10:71:4) કુરાનમાં કહ્યું છે,"તેમની પાસે દિલ છે, પણ તેનાથી તેઓ સમજતા નથી. તેમની પાસે આંખો છે પણ તેનાથી તેઓ જોતા નથી. તેમની પાસે

કાન છેપણ તેનાથી તેઓ સાંભળતા નથી તેઓ પશુ જેવા છે, બલકે તેનાથી પણ વધુ ખરાબ, તે જ લોકો છે જેઓ ગફલતમાં પડેલા છે."(7: 179)

ઋગ્વેદમાં કહ્યું છે, "હે મિત્રો ! ઇશ્વર સિવાય કોઇ અન્યની ઉપાસના નહિ કરો, તો તમે હિંસાથી સુરક્ષિત રહેશો."(8:1:1) કુરાને શરીફમાં કહ્યું છે, "એ કે તમે અલ્લહ સિવાય કોઇની ઉપાસના ન કરો. મને તમારા વિશે એક દુ:ખદ દિવસની યાતનાનો ડર છે."(11:26)

અને છેલ્લે સન્માર્ગ અંગેની બંને ધર્મોની પરિકલ્પના આપી લેખ પૂર્ણ કરીશ. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે, "જો તેઓ સન્માર્ગ જોઇ લે તો પણ તેઓ તેને પોતાનો માર્ગ નહિ બનાવે, અને જો વાંકો રસ્તો દેખાય તો તેના પર ચાલી

નીકળશે.”(7:146) ઋગ્વેદમાં કહ્યું છે,”સન્માર્ગને પાપી ઓ પાર કરી શકતા નથી.”(9:73:6)

# સાચા ગુરુજન

હિન્દુ અને ઇસ્લામ બંને સંસ્કૃતિઓમાં ગુરુ કે ઉસ્તાદનું સ્થાન મોખરે છે.ઇસ્લામમમાં આવા સાચા ગુરુનાં સ્થાન –માન, મૂલ્યોને અભિવ્યક્ત કરતાં બે દૃષ્ટાંતો અત્રે પ્રસ્તુત છે.

હારૂન રશીદ બગદાદના ખલીફા હતા. તેમનો પુત્ર અને તેના મામા બંને હજરત ઇમામ કસાઇ પાસે શિક્ષણ લેવા જતા. એક દિવસ ગુરુ બંને શહેજાદાઓને ભણાવીને ઊઠ્યા. બંને શહેજાદાઓ ગુરુના ચંપલ લેવા દોડ્યા અને બંને વચ્ચે ઝગડો થયો. કોણ ગુરુને ચંપલ પહેરાવે? અંતે ગુરુએ ન્યાય કર્યો, બંને એક એક ચંપલ પહેરાવે. ખલીફા હારૂન રશીદને આ ઘટનાની જાણ થતાં તેમણે ગુરુને

દરબારમાં હાજર કરવા હુકમ કર્યો. હજરત ઇમામ કસાઇ દરબારમાં હાજર થયા. ખલીફા હારૂને ભર દરબારમાં આપને પૂછ્યું,

"આપે મારા રાજકુમારો પાસે ચંપલ ઉપડાવી, તેમને પહેરાવવાનું કહ્યું હતું ?"

હજરત ઇમામ કસાઇએ હા પાડી. આવો એકરાર સાંભળી દરબારીઓ ભયભીત થઇ ગયા. હમણાં ખલીફા હારૂન હજરત ઇમામ કસાઇનું મથું ઉતારી લેશે.પણ થોડી વાર એક નજરે હજરત ઇમામ કસાઇને જોઇ ખલીફા હારૂન બોલ્યા," આપે મારા રાજકુમારોને ચંપલ ઊંચકવા ન દીધા હોત તો ખરેખર આપ સજા પામત, પણ આપે તો તેમને ગુરુની ઇજ્જત કરવાનું શીખવી સુસંસ્કારો આપ્યા છે."
દરબારીઓ ખલીફાનું આ વલણ જોઇ ખુશ થયા. જ્યારે હજરત ઇમામ ખલીફાને કુરનીશ બજાવી ચાલતા થયા ત્યારે ખલીફાનો અવાજ તેમના કાને પડ્યો ."થોભો, મેં

આપને જવાની આજ્ઞા હજુ નથી આપી.” પોતાના આસન પરથી ઊભા થઇ ખલીફા હારૂન રશીદ ગુરૂ પાસે આવ્યા અને તેમને દસ હજાર દિનાર આપતાં બોલ્યા,” આપે મારાં રાજકુમારોને જે કંઇ આપ્યું છે તેની તુલનામાં આ તો ઘણું ઓછું છે. છતાં સ્વીકારીને આભારી કરો.”

દરબારીઓ ખલીફા હારૂન રશીદના આ વ્યવહાર અવાચક બની જોઇ રહ્યા.

ગુરુની નીતિમત્તા અને મૂલ્યોના જતનનો આવો જ એક અન્ય કિસ્સો માણવા જેવો છે.
અલીગઢના અપાર ધનાઢ્ય મૌલવી ઇસ્માઇલને હદીસનું જ્ઞાન મેળવવાની ઇચ્છા થઇ. તેમણે અત્યંત વિદ્વાન હજરત મૌલાના કાસીમ નાનોતવીનો સંપર્ક સાધ્યો. ગુરૂ

હજરત કાસીમે શિષ્ય ઇસ્માઇલ સામે એક નજર કરી પછી પોતાની શરત સંભળાવતાં કહ્યું,

”તમને હદીસનો અભ્યાસ તો કરાવું પણ અતનખ્વાહ(વેતન)મારી ઇચ્છા મુજબ લઇશ.”

શિષ્ય ઇસ્માઇલે તરત કહ્યું,”આપ કહો તે તનખ્વાહ(વેતન) મને મંજૂર છે !” અને ગુરુ-શિષ્યનો નાતો બંધાયો. એક માસને અંતે વેતન આપવાનો સમય આવ્યો ત્યારે ગુરુ કાસીમે કહ્યું,”મને માત્ર પંદર રૂપિયા તનખ્વાહ આપો.”

આ સાંભળી ધનાઢ્ય શિષ્ય ઇસ્માઇલ તો અવા બની જોઇ રહ્યો. માત્ર પંદર રૂપિયા !પણ આવા જ્ઞાની ગુરુ પાસે દલીલને અવકાશ ન હતો. એટલે મૌન રહી

પંદર રૂપિયા આપી દીધા. એકાદ માસ થયો ત્યાં તો એક દિવસ ગુરુ કાસીમે પોતાના ધનાઢ્ય શિષ્યને કહ્યું,"મારે તનખ્વાહ બાબત તારી સાથે વાત કરવી છે."

શિષ્ય ઇસ્માઇલ તો ખુશ થયો. તેને લાગ્યું કે વેતનમાં વધારો કરવાનો પ્રસ્તાવ ગુરુ મૂકશે. પણ ગુરુ લાસીમ બોલ્યા," આ માસથી મને પંદરને બદલે માત્ર દસ રૂપિયા જ વેતનના આપજો." હવે ધનાઢય શિષ્યથી ન રહેવાયું,"આપ જેવા જ્ઞાની પાસેથી હદીસનું ગૂઢ જ્ઞાન મેળવવું એ તો તકદીરની વાત છે, છતાં આપ આટલું ઓછું વેતન શા માટે માગો છો?"

હજરત કાસીમ બોલ્યા,"પંદર રૂપિયા મારી જરૂરિયાત પૂર્ણ કરવા પૂરતા હતા. મારા કુટુંબના દસ રૂપિયા અને પાંચ રૂપિયા મારા વાલીદ(પિતા)ને આપતો.

પણ ગઇ કાલે તેમનું અવસાન થયું એટલે હવે પાંચ રૂપિયાની મારે જરૂર નથી. જે પૈસાની જરૂર ન હોય તેનો બોજો મારે શા માટે વહન કરવો જોઇએ?" આટલું કહી ગુરૂ કાસીમે વિદાય લીધી.

# સ્વજનથી વિશેષ પાડોશી

'પાડોશી' શબ્દ વ્યક્તિ અને રાષ્ટ્ર બંને અત્યંત મહત્ત્વનો છે. સારો પાડોશી સ્વજન કરતાં સવાયો હોય છે અને એટલે જ દરેક ધર્મમાં 'પાડોશી ધર્મ'નો મહિમા વ્યક્ત થયો છે.

પાડોશી ભલો હોય કે બૂરો હોય પણ તે આપણો સાચો હમદર્દ છે. મુશ્કેલીના સમયે સંબંધીઓ, ઓળખીતા-પાળખીતાને પહોંચતાં વાર લાગે છે, ત્યારે સૌ પ્રથમ મદદ માટે પહોંચનાર આપણો પાડોશી જ હોય છે. પાડોશીને હિંદુ કે મુસ્લિમ ગણી તેની મહત્તા ઓછી આંકનાર માનવીને એ ખબર નથી હોતી કે પાડોશીનો સાચો ધર્મ તો માનવતા છે.

ઇસ્લામે પણ પાડોશીને અત્યંત મહત્ત્વનો દરજ્જો આપ્યો છે. ઇસ્લામિક ગ્રંથોમાં પેલા મોચીની વાત બહુ જાણીતી છે, જેણે હજયાત્રા માટે ભેગા કરેલા પૈસા પોતાના ભૂખ્યા પાડોશીના ભોજન માટે ખર્ચી નાખ્યા. દમિશ્કના એ મોચીને હજરત અબદુલ્લાહ બિન મુબારકે પૂછ્યું હતું. "આ વર્ષે હજયાત્રા માટે આવેલા એક લાખ હજયાત્રીઓમાંથી કોઇની હજ ખુદાએ કબૂલ નથી કરી. એક માત્ર ઘર બેઠા તમારી હજ ખુદાએ કબૂલ કરી છે તમે એવી તો કેવી ઇબાદત કરી કે ખુદાએ ઘર બેઠા તમારી હજ કબૂલ કરી ?"

ગરીબ મોચી હજરત અબદુલ્લાહની વાત સાંભળી નવાઇ પામ્યો. પછી સ્વસ્થ થઇ બોલ્યો, " હજયાત્રા કરવાની તમન્નાથી મેં મારી હલાલની કમાઇમાંથી થોડા થોડા પૈસા જમા કર્યા હતા. પણ થોડા દિવસ પહેલાં જ મારા પાડોશીની

હાલતની મને જાણ થઇ. સાત સાત દિવસથી તેમનો ચૂલો ટાઢો હતો. બાળ-બચ્ચાઓ ભૂખ્યાં ટળવળતાં હતાં. તે જોઇ મારું હ્રદય કકળી ઊઠ્યું. અને મેં હજયાત્રા માટે જમા કરેલા પૈસા તેમને આપી દીધા.”

`કુરાનેશરીફમાં પાડોશીની મહતાનો સ્વીકાર કરી, તે અંગે વિસ્તૃત વિવરણ આપવામાં આવ્યું છે. કુરાને શરીફમાં પાડોશીઓના ત્રણ પ્રકારો આપવામાં આવ્યા છે :

1. ‘વલ જારે ઝિલ કુરબા’ અર્થાત એવા પાડોશી જે પાડોશી હોવા છતાં સ્વજન-સગાં હોય.
2. ‘વલ જારિલ ઝુનુબે’ અર્થાત્ એવા પાડોશી જે કૌટુંબિક સગાંસંબંધી ન હોય પણ માત્ર પાડોશી જ હોય. આવા પાડોશીમાં ગેરમુસ્લિમ પાડોશીનો પણ સમાવેશ થાય છે.

3.‘વસ્સાહિલે બિલજમ્બે’ અર્થાત્ એવા પાડોશી જેનો સંજોગોવશા મુસાફરીમાં, દફતરમાં કે અન્ય કોઇ રીતે ભેટો થઇ ગયો હોય. આમાં ગેરમુસ્લિમ પાડોશીનો સમાવેશ થાય છે.

આ ત્રણે પ્રકારના પાડોશીઓ સાથે ઇસ્લામે સદ્ ભાવના અને ભાઇચારો રાખવાનો આદેશ આપ્યો છે, અને કહેવામાં આવ્યું છે, “ જે માણસ અલ્લાહ અને અંતિમ દિવસ પર ઇમાન રાખતો હોય  તેણે પાડોશીને કંઇ પણ દુ:ખ કે તકલીફ આપવા ન જોઇએ.”

એક વાર એક સહાબીએ હજરત મહંમદ પયગમ્બર(સ.અ.વ.) ને અરજ કરી, “હજૂર, તે સ્ત્રી ઘણી નમાઝો પઢે છે. પાબંદીથી રોઝા રાખે છે. અતિશય

ખેરાત(દાન) કરે છે.પરંતુ પોતાની કડવી વાણીથી પોતાના પાડોશીઓને હેરાન-પરેશાન કરે છે.”

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું, “ તે સ્ત્રી દોઝખમાં જશે કારણ કે તે સાચી મુસ્લિમ નથી. જેના પાડોશી તેની શરારતો (ખરાબ વર્તન)થી પરેશાન હોય.” પાડોશી સાથેના સંબંધો અંગે તો મહંમદ સાહેબે(સ.અ.વ.) ત્યાં સુધી તાકીદ ફરમાવી છે,

“જો તમે તમારાં બાળકો માટે ફળો લાવો તો તમારા પાડોશીને ત્યાં પણ મોકલો. જો તમે તેવું ન કરી શકો તો તે ફળોનાં છોતરાં બહાર ફેંકશો નહીં, જેથી ગરીબ પાડોશીઓનું મન ન દુભાય.”

# અલ્લાહ સૌના છે

હમણાં મલેશીયાની અદાલતે એક સુંદર ચુકાદો આપ્યો. અદાલતે કહ્યું, "ગોડનો ઉલ્લેખ કરતી વખતે 'અલ્લાહ' શબ્દનો પ્રયોગ કરવાનો મલેશીયાના ખ્રિસ્તીઓને પણ અધિકાર છે. અલ્લાહ શબ્દ માત્ર મુસ્લિમો માટે જ નથી."

અલ્લાહ શબ્દ અને ખુદ અલ્લાહ સૌના છે. એટલી નાની વાત માટે પણ અદાલતમાં જવું પડે તે સાચ્ચે જ શરમજનક બાબત નથી લાગતી? અલ્લાહ માત્ર મુસ્લિમોના જ નથી, એ વાત કુરાન-એ-શરીફમાં વારંવાર કહેવામાં આવી છે. કુરાન-એ-શરીફમાં કહ્યું છે, 'રબ્બીલ આલમીન' અર્થાત્ 'સમગ્ર માનવજાતના અલ્લાહ.'

કુરાન-એ-શરીફમાં ક્યાંય ‘રબ્બીલ મુસ્લિમીન’અર્થાત્ ‘મુસ્લિમોના અલ્લાહ’ કહ્યું નથી. જેમ અલ્લાહ શબ્દ સમગ્ર માનવજાત માટે છે તેમ જ ઇશ્વર શબ્દ પણ દરેક માનવ માટે છે. ક્યારેક હું મારા લેખમાં ઇશ્વર શબ્દ લખું છું, ત્યારે કેટલાક મિત્રો મને ટોકે છે. એક મુસ્લિમ દાક્તર મિત્રએ તો એક વાર મને ફોન કરીને કહ્યું હતું, “તમે વારંવાર અલ્લાહ શબ્દ સાથે ઇશ્વર શા માટે લખો છો?”

ત્યારે મેં તેમને કહ્યું હતું, “ અલ્લાહ અને ઇશ્વર બન્ને માનવજાતની મૂળભૂત આસ્થા છે. નામ અલગ છે પણ સ્વરૂપ એક છે.”

અલ્લાહના સ્વરૂપ અંગે ઇસ્લામિક ગ્રંથોમાં કહ્યું છે,“અલ્લાહ શબ્દ નથી એકવચન, નથી બહુવચન. અલ્લાહને કોઇ લિંગ નથી તે નથી પુલિંગ, નથી

સ્ત્રીલિંગ.અલ્લાહ કોઇ વ્યક્તિ કે વસ્તુ પર આધારિત નથી.પણ સૌ સજીવ અને નિર્જીવ તેના પર આધારિત છે. તે શાશ્વત, સનાતન અને સંપૂર્ણ પ્રભાવશાળી છે."

"આમ છતાં અલ્લાહ પરમકૃપાળુ છે. કુરાન-એ-શરીફ માં કહ્યું છે, "અલ્લાહપરમ કૃપાળુ છે. તેને કોઇ સંતાન નથી. તે કોઇનું સંતાન નથી. તેની સમકક્ષ કોઇ નથી." અર્થાત્ અલ્લાહ સાથે નાતો બાંધનાર સૌ તેના બંદા છે. તેમાં કોઇ જાતિ, ધર્મ કે રંગભેદને સ્થાન નથી. અલ્લાહ તેને ચાહનાર તેના સૌ બંદાઓને ચાહે છે. તે સૌનું ભલું ઇચ્છે છે. અલ્લાહથી ડરનાર, તેની ઇબાદતમાં રત રહેનાર સૌ અલ્લાહને પ્રિય છે. કુરાન-એ-શરીફમાં આ જ બાબતનો ઉલ્લેખ કરતા કહ્યું છે, "વાસ્તવિકતા એ છે કે અલ્લાહથી ડરનાર, તેની ઇબાદત કરનાર સર્વ માટે જન્નતમાં બક્ષિશોના ભંડાર છે." ટૂંકમાં, અલ્લાહ શબ્દ માત્ર ઇસ્લામની જાગીર નથી. તે તો

‘રબ્બીલ આલમીન’ છે. સમગ્ર માનવજાતનો અલ્લાહ છે. અને એટલે જ ઇસ્લામને વિશ્વમાં ‘માનવધર્મ ઇસ્લામ ‘તરીકે ઓળખવામાં આવે છે.

# “Man can be destroyed, Cannot be defeated”

ભારતી શર્મા સાથે આમ તો મારો કોઇ પ્રત્યક્ષ પરિચય નહીં.પણ તેનો પતિ સંજય શર્મા મારો પી.એચ.ડી.નો વિદ્યાર્થી હતો. એ નાતે વર્ષો પહેલાં તેણે મને તેમના ધંધુકાના ઘરે જમવા નોતર્યો હતો. એ સમયે ઊજળો વાન, ઘાટીલો દેહ, બોલકણી આંખો અને હોઠો પર સ્મિત ધરાવતી પચીસેક વર્ષની યુવતી સાથે મારો પરિચય કરાવતાં સંજયે કહ્યું હતું,

”સર, આ મારી પત્ની ભારતી છે.” અને તે દિવસે ભારતીએ મને પોતે બિનગુજરાતી હોવા છતાં પોતાના હાથે બનાવેલી સ્વાદિષ્ટ ગુજરાતી વાનગીઓ ભાવપૂર્વક જમાડી હતી.

બસ, ભારતી સાથેની એ મારી પ્રથમ મુલાકાત. એ પચી સંજય મને પી.એચ.ડી. ના કાર્ય અંગે મળતો. જ્યારે ભારતી મને ફોન પર મળી લેતી. એ વાતને દસેક વર્ષ વીતી ગયાં. છતાં ભારતીનો ઘાટીલો દેહ, નમણો ચહેરો, બોલકણી આંખો અને મધુર સ્મિત મારી સ્મૃતિમાં અકબંધ જળવાઇ રહ્યાં હતાં.

દસેક વર્ષના અંતરાલ પછી અચાનક એક દિવસ ભરતીનો ફોન આવ્યો. એ જ મધુર સ્વરમાં તે બોલી ઊઠી, “સર, મૈં ભરતી બોલ રહી હું.મુઝે ભૂલ તો નહિ ગયે?”

”તુઝે કૈસે ભૂલ સકતા હું ! તેરા સ્વાદિષ્ટ ખાના અભી તક મુઝે યાદ હૈ.”

“સર, આપકો મેરી સ્કૂલ કે વાર્ષિક ઉત્સવમેં આના પડેગા.”

ઘણાં વર્ષો પછી ભારતીનો અવાજ સાંભળી મને આનંદ થયો. છતાં સમયની સમસ્યાને કારણે મેં તેને ના પાડી. પણ એમ માની જાય તો ભારતી નહિ. અત્યંત પ્રેમભર્યા સ્વરે આગ્રહ કરતાં તે બોલી ઊઠી,"આપ જબ કહેંગે તબ રખેંગે.પર આપકો આના હી હોગા."

અંતે મારી અનુકૂળતા મુજબની એક તારીખ અમે નક્કી કરી. છેલ્લાં દસેક વર્ષમાં ભારતીએ'ફિલ્ડ વ્યુ એકેડમી' નામક એક નાનકડી શાળા શરૂ કરી હતી. ધંધુકાથી બે એક કિલોમીટરના અંતરે અડવાળ રોડ પર એક નાનકડું મકાન સંજયે બનાવી આપ્યું હતું. તેમાં ભારતી શાળા ચલાવતી હતી. એ દિવસે હું તેની શાળાએ પહોંચ્યો ત્યારે ભારતી દરવાજા પર મારી રાહ જોતી ઊભી હતી.

મને જોઇ એ મારી કાર પાસે દોડી આવી. હુ6 તેને જોઇ નવાઇ પામ્યો.ઘાટીલા દેહને બદલે ભારતીની સ્થૂળ કાયા મારી આંખોને ખૂંચવા લાગી. ચહેરાની નમણાશ પર ચરબીના થર જામી ગયા હતા. ચમકતી બોલકણી આંખો નિસ્તેજ હતી. અને બંને આંખો કાળાં કુંડાળાઓથી ઘેરાઇ ગઇ હતી. અલબત્ત તેના સ્મિતમાં એ જ મીઠાશ હતી. તેના આવકારમાં એ જ પ્રેમ હતો. મેં કારમાંથી બહાર નીકળી તેને પ્રથમ જ પ્રશ્ન કર્યો.

“ભારતી, યે ક્યા હો ગયા આપકો? કહાં દસ સાલ પહલે કી ભારતી ઔર કહાં આજ કી ભારતી !” મારો પ્રશ્ન સાંભળી ભારતી થોડી ખંચકાઇ. પછી બોલી,

”સર, વક્ત વક્ત કા કામ કરતા હી હૈ.”

અમે બન્ને તેની ઓફીસમાં પ્રવેશ્યાં. ઓફિસમાં બેસી તેણે મને પોતાની નાનકડી સ્કૂલ વિશે ઉત્સાહથી માહિતી આપી. ધંધુકા ગામની આસપાસનાં ધોલેરા, પીપળી,પોલારપુર, ભીમનાથ, જસકા, ઝીંઝર, અડવાળ, જાળિયા, ફેદરા, રાણપુર, નાગનેશ જેવા ગામોમાંથી એકથી નવમા ધોરણના વિદ્યાર્થીઓ તેની શાળામાં આવે છે. બાળકો માટે ગામડે ગામડે ફરી તેમના વાલીઓને સમજાવવા, અને પછી ગ્રામ્ય સંસ્કૃતિમાંથી આવતાં બાળકોનું અંગ્રેજી માધ્યમ દ્વારા ઘડતર કરવાનું કાર્ય કપરું છે. છતાં ભારતી એકલે હાથે તે કરતી. અંગ્રેજી માધ્યમની શાળા હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના પાઠો બાળકોને ભણાવવાની નેમ ભારતીના શબ્દોમાં ભાસતી હતી.

અત્યંત અપૂરતી સાધન સામગ્રી વચ્ચે પણ ભારતીએ સુંદર વાર્ષિક ઉત્સવનું આયોજન કર્યું હતું. વાર્ષિક ઉત્સવમાં કોથળા દોડ, લીંબુ-ચમચી દોડ જેવી સ્પર્ધાઓમાં દોડતાં ભૂલકાઓને પ્રોત્સાહિત કરવા ભારતી પણ તેમની સાથે દોડતી. કોઇ બાળક દોડતાં દોડતાં પડી જાય ત્યારે ભારતી તેની પાસે દોડી જતી અને તેને પુન: દોડવા હિંમત આપતી. બાળક પુન: દોડતું થાય ત્યારે તેનો આનંદ ભારતીના ચહેરા પર ઊપસી આવતો.

આવી સ્પર્ધાઓ પછી ઇનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો. મારા હાથે દરેક ભૂલકાને ઇનામો અપાયાં. પછી અમે ભારતીની ઓફીસમાં આવ્યા. ત્યારે સંજય મને મળવા આવ્યો. એ સમયે ભારતી ઓફીસમાં ન હતી. એ તકનો લાભ લઇ મેં સંજયને ટકોર કરતાં કહ્યું, “સંજય, તુમ ભારતી કા ખ્યાલ નહીં રખતે? દેખો ઉસ કી ક્યા હાલત

હો ગઇ હૈ !” સંજય મારી ટકોર સાંભળીને ગમગીન થઇ ગયો. તેની આંખોમાં ભીનાશ પ્રસરી ગ ઇ. તેની બદલાયેલી મુખમુદ્રાને હું અવાચક નજરે તાકી રહ્યો. એટલે સંજયે ધીમા સ્વરે મને કહ્યું,” સર, આપસે ક્યા છુપાના ? ભારતી વેજનર્સગ્રેન્યુલોમેટોસીસ કી દર્દી હૈ. યે ઐસા રોગ હૈ જિસમેં ખૂન કે ગઠ્ઠે હો જાતે હૈં. કીડની ઔર લીવર કામ કરના બંધ કર દેતે હૈં. ઇસકા કોઇ ઇલાજ નહીં. દાક્તરોને કહ દિયા હૈ કિ જીતની જિંદગી હિ ઉસે અપને તરીકે સે જી લેને દો. કલ કી ખબર નહીં.”

હું સંજયની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયો.

“ભારતી યે જાનતી હૈ ?” મેં થોડા સ્વસ્થ થતાં પૂછ્યું.

"સર, ઉસે સબ પતા હૈ. વો કહતી હૈ, મેં ઇસ બચ્ચોં કે સાથ ખેલતે ખેલતે મરના ચાહતી હું. ઐસી મોત અગર આ જાય તો રોના મત."

આટલું બોલતાં સંજય ભાંગી પડ્યો. અને પોતાના આંસુઓને ખાળવા ઓફિસની બહાર દોડી ગયો. અમે આટલી વાત કરી ત્યા6 તો ભારતી આવી ચડી. તેના ચહેરા પર એ જ મીઠી મુસ્કાન હતી, "સર, આપકો મેરી સ્કૂલ બતાના ચાહતી હું."

અને અમે બધા તેની નાનકડી સ્કૂલના રૂમોમાં દરેક રૂમને ભારતીએ જાતે શણગાર્યો હતો. લગભગ વીસેક મિનિટ રૂમોનું નિરીક્ષણ કરી અમે બધા બહાર આવ્યા . એટલે મેં કહ્યું,"ભારતી અબ મુઝે ઇજાજત દીજિયે."

"સર, આપકા બહોત બહોત શિક્રિયા, આપને મેરે લિયે ઇતના વક્ત નિકાલા. અગલે સાલ જિન્દા રહી તો ફિર આપકો હી બુલાઉંગી."

કાર સુધી સંજય અને ભારતી મને મૂકવા આવ્યાં. કારમાં બેસતાં મેં ભારતીને કહ્યું,"ભારતી અપના ખ્યાલ રખના." મારી સામે એ જ મીઠું સ્મિત કરતાં ભારતીએ આકાશ તરફ નજર કરી. જાણે કહેતી ના હોય કે મેરા ખ્યાલ તો અબ ઉપરવાલા રખેગા.

મારી કાર અડવાળના ધૂળિયા રસ્તા પર ડમરીઓ ઉડાડતી દોડવા લાગી અને ત્યારે અર્નેસ્ટ હેમિંગ્વેનું પેલું બહુ જાણીતું વાક્ય મારા હ્રદયમાં વલોવાઇ રહ્યું હતું :

"Man can be destroyed, cannot be defeated."

# સાચો ઇસ્લામ ક્યાં છે?

ઇસ્લામમાં નમાઝનું અત્યંત મહત્ત્વ છે. પાંચ વખતની નમાઝ ઇસ્લામમાં ફરજિયાત પઢવાનો આદેશ છે. એથી પણ વિશેષ પ્રાધાન્ય ઇસ્લામમાં માનવતાનું છે. એ વાત ક્યારેક વિસરાઇ જાય છે. ઇસ્લામમાં ગરીબને મદદ કરવી, બીમારની સેવા કરવી અને ભૂખ્યાને ભોજન આપવાનું કાર્ય ખુદાની ઇબાદત જેટલું જ મહત્ત્વનું છે. કુરાન-એ- શરીફમાં અને મહંમદ સાહેબના ઉપદેશોમાં તેનો વારંવાર ઉલ્લેખ થયો છે.

એકવાર મહંમદ સાહેબ તેમના સહાબીઓ(અનુયાયીઓ) સાથે વાતો કરી રહ્યા હતા. મોહંમદ સાહેબ(સ.અ.વ.) એ ફરમાવ્યું.

"મૃત્યુ પછી અલ્લાહ પૂછશે, એ બંદા, હું બીમાર હતો અને તું મને જોવા કે મારી સેવા કરવા ન આવ્યો." બંદો કહેશે," એ મારા રબ હું જોવા કેવી રીતે આવી શકું? આપ તો સારા જહાનના માલિક છો."

અલ્લાહ ફરી ફરમાવશે, "એ બંદા, મેં તારી પાસે ભોજન માંગ્યું હતું અને તેં મને ભોજન નહોતું આપ્યું." બંદો કહેશે, " એ મારા રબ આપ તો આખી દુનિયાના માલિક છો. હું આપને ભોજન કેવી રીતે આપી શકું?"

અલ્લાહ ફરી પૂછશે, " એ બંદા, મેં તારી પાસે પાણી માંગ્યું હતું. અને તે મને પાણી નહોતું આપ્યું" બંદો કહેશે, એ મારા ખુદા, હું આપને પાણી કેવી રીતે આપી શકું? આપ તો આખી દુનિયાના માલિક છો."

પછી અલ્લાહ જવાબ આપશે, “ શું તને ખબર ન હતી કે મારો એક બંદો બીમાર હતો? તું તેને જોવા કે તેની સેવા માટે ન ગયો. શું તને ખબર ન હતી કે મારા એક બંદાએ તારી પાસે ભોજન માંગ્યું હતું? અને તેં એને ભોજન આપ્યું ન હતું. શું તને ખબર ન હતી કે તું તેને ભોજન આપત તો મને એની સાથે જો મારા એક બંદાએ તારી પાસે પાણી માંગ્યું અને તેં એને પાણી ન આપ્યું. જો તું એને પાણી આપત તો ખરેખર તું મને તેની સાથે જોત. મારો એક બંદો બીમાર હતો. જો તું એને જોવા કે સેવા કરવા ગયો હોત તો તું મને તેની સાથે જોત.”

આમ, ખુદાને પામવા માત્ર નમાઝને પ્રાધાન્ય આપતા ઇસ્લામના અનુયાયીઓ માટે આમાં મોટો સબક છે. ખુદાને પામવાનું એક અન્ય માધ્યમ માનવસેવા છે. અને એ ઇસ્લામની માનવીય સિદ્ધાંતોના મૂળમાં છે. દરેક મુસ્લિમે તે

સમજવાની અને અન્યને સમજાવવાની તાતી જરૂર છે. તાજેતરમાં ઘટેલ એક ઘટના પરથી પણ આ પ્રતિપાદિત થાય છે.

ભાવનગરની ઘાંચીવાડ મસ્જિદમાં જુમ્માની નમાઝ (શુક્રવારની બપોરની નમાઝ) ચાલુ હતી ત્યારે, ત્રીજી હરોળમાં નમાઝ પઢતા ખાલીદ સીદ્દીકભાઇ શેખ(ઉમર:39 વર્ષ, ધંધો: ફ્રીજ રીપેરીંગ ) શરીરમાં સુગર ઘટી જતાં અચાનક ચાલુ નમાઝે બેહોશ થઇ ઢળી પડ્યા. જો કે તેઓ દીવાલ પાસે હોવાને કારણે અન્ય નમાઝીઓને નમાઝમાં કોઇ ખાસ ખલેલ ન પડી. પણ બેહોશ ખાલીદના મોંમાંથી ફીણ નીકળતા હતા અને તેમની આંખો ચડી ગઇ હતી. છતાં કોઇ નમાઝીએ એ તરફ ધ્યાન ન આપ્યું. કદાચ નમાઝની ગંભીરતા અન્વયે તે સ્વીકારી લઇએ તો પણ એ પછીની ઘટના અત્યંત દુ:ખદ છે. ફર્ઝ નમાઝ પૂર્ણ થયા પછી કેટલાક મુસ્લિમોએ

બેહોશ ખાલીદભાઇને ઊંચકીને વઝુ કરવાના હોજ પાસે મૂકી દીધા. ખાલીદભાઇ બેહોશ હાલતમાં લગભગ વીસેક મિનિટ હોજ પાસે પડ્યા રહ્યા. પણ કોઇએ તેમની દરકાર કરવાની તસ્દી સુદ્ધાં લીધી નહિ. આટલું ઓછું હોય તેમ સુન્નત નમાજો પૂર્ણ થતાં, કેટલાક માણસોએ ખાલીદભાઇને ઊંચકીને મસ્જિદના પગથિયા પાસે મૂકી દીધા. ધીમે ધીમે મસ્જિદ ખાલી થઇ ગઇ. છેલ્લે નમાઝ પઢાવનાર મોલવી સાહેબ મસ્જિદ બહાર નીકળ્યા. તેમણે પણ મસ્જિદના પગથિયા પર બેહોશ પડેલા ખાલીદભાઇ પર નજર સુદ્ધાં કર્યા વગર વિદાય લીધી.

આમ ખાલીદભાઇ મસ્જિદના પગથિયા પર સાડાચાર વાગ્યા સુધી પડ્યા રહ્યા. સાડાચારની આસપાસ કોઇ નેક મુસ્લિમની નજર તેમના પર પડી. અને તેણે બાજુના ગેરેજમાં કામ કરતા સત્તારભાઇને તેની જાણ કરી. સત્તારભાઇ પોતાનો ધંધો

પડતો મૂકી દોડ્યા. ખાલીદભાઇની ગંભીર સ્થિતિ જોઇ તેમણે તુરત 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો. માત્ર પાંચ મિનિટમાં જ એમ્બ્યુલન્સ આવી ચડી. ખાલીદભાઇને ઇસ્પિતાલમાં પહોંચતા કરવામાં આવ્યા. અને પ્રાથમિક સારવાર આપી. આજે ખાલીદભાઇ સ્વસ્થ છે. પણ ચાલુ નમાઝમાં ઘટેલી આ ઘટના અનેક પ્રશ્નો સર્જે છે.

ખાસ સંજોગોમાં નમાજ કરતાં બીમારની સેવા મહત્ત્વની છે, એમ ઇસ્લામ અને તેના પયગમ્બર મોહંમદ સાહેબે વારંવાર તેમના ઉપદેશોમાં કહ્યું છે. વળી, બીમાર મોમીન માટે ફર્ઝ નમાઝ અને રોઝામાં પણ ઇસ્લામે ખાસ છૂટ આપી છે. છતાં ખાલીદભાઇને સારવાર આપવાની દરકાર કોઇ મુસ્લિમે ન કરી. ઇસ્લામને ઊંડાણપૂર્વક સમજતા અને સમજાવતા મોલવી સાહેબ પણ આંખ આડા કાન કરી

ચાલ્યા ગયા. આ બાબત ઇસ્લામના સમગ્ર અનુયાયીઓ માટે અત્યંત ગંભીર છે. ઇસ્લામના માનવીય સિદ્ધાંતોની વાતો કરવા કરતાં તેને સાકાર કરવાની દરેક મુસ્લિમની ફર્ઝ છે. એ ફર્ઝ પ્રત્યેની આપણી સભાનતા જ ઇસ્લામને માનવધર્મ તરીકે જીવંત રાખશે. અન્યથા સાચો ઇસ્લામ ધર્મ ઇસ્લામના અનુયાયીઓ શોધતા રહેશે અને ઇસ્લામ પ્રત્યેની ગેરસમજને આપણે સૌ યથાવત્ રાખવામાં સહભાગી બનીશું.

# મારી જેલ યાત્રા

એક વાર  ગુજરાતના જેલ અધિકારી શ્રી.પી.સી.ઠાકુરસાહેબના આગ્રહથી મને સાબરમતી જેલના કેદીઓ સમક્ષ વાત કરવાની તક સાંપડી. જેલ કાર્યાલયમાં સ્થાનિક જેલ અધિકારી ચૌધરી સાહેબે મારું સ્વાગત કર્યું. એ પછી જેલ સુરક્ષાના ભાગ રૂપે સૌ પ્રથમ મારો મોબાઇલ લઇ લેવામાં આવ્યો. પછી ચૌધરી સાહેબ મને એક મોટા ખંડમાં લઇ ગયા. લગભગ 200 જેટલા કેદીઓ શિસ્તબદ્ધ રીતે હોલમાં બેઠા હતા. ચૌધરી સાહેબે મારો ટૂંકો પરિચય આપ્યો અને મેં કવિ કલાપીના કાવ્ય,

“ હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું એ,
પાપી તેમાંડૂબકી દઇને પુણ્યશાળી બને છે.”

--ની પંક્તિથી મારા વ્યાખ્યાનનો આરંભ કર્યો. વ્યાખ્યાન દરમિયાન હું દરેક કેદીના ચહેરા પર નજર નાખતો હતો. ત્યારે મને તેમના ચહેરા પર મારા શબ્દોની અસર વર્તાતી લાગતી. જેલ એ પ્રાયશ્ચિત્તનું ધામ છે. એવું મારું વિધાન કેદીઓના ચહેરા પર ઝિલાતું મેં અનુભવ્યું.

વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરી કરવાનો મેં આગ્રહ રાખ્યો ત્યારે મને તાદૃશ્ય જોવા મળ્યું કે જેલમાં કેટલાય ઉચ્ચ શિક્ષણ પામેલ કેદીઓ છે. એક ભાઇ સ્નાતક હતા. એક ભાઇ યુનિવર્સિટિના સેનેટના સભ્ય હતા. એક ભાઇ વકીલ હતા. તેમના વ્યવહાર કે વર્તનમાં મને ક્યાંય અસામાજિક તત્ત્વ જેવો અણસાર સુદ્ધાં ન લાગ્યો. અને ત્યારે મેં અનુભવ્યું કે આવેગ કે ઉશ્કેરાટની એકાદ નબળી પળને કારણે જ તેમને અત્રે આવવું પડ્યું છે.એક પળ તેમણે ગુસ્સાને સાચવી લીધો હોત તો આજે

તેઓ સમાજના પ્રતિષ્ઠિત નાગરિક હોત. ગુસ્સો સૌને આવે છે પણ કોઇ તેને પચાવી લે છે. કોઇ તેને પી જાય છે. જ્યારે કોઇ ગુસ્સો આવે છે ત્યારે રામ રામ કે અલ્લાહ અલ્લાહ રટવા લાગે છે. પણ આ શિક્ષિત નાગરિકોએ એક પળ માટે આવેલા એ ગુસ્સાને હિંસક માર્ગે અભિવ્યક્ત કર્યો. પરિણામે તેમને કેદી બનવું પડ્યું. પણ છતાં તેમનામાં પડેલો માનવી હજુ જીવંત હતો. જે તેમની રજૂઆતથી હું અનુભવી રહ્યો હતો. તેમણે જેલ જીવનની સમસ્યાઓ અંગે અત્યંત શિષ્ટ ભાષામાં પ્રશ્નો કર્યા. પણ તેમના એ પ્રશ્નોનો મારી પાસે કોઇ જ ઉકેલ ન હતો. અલબત્ત, ચૌધરી સાહેબે તેમને અત્યંત સૌમ્ય રીતે જવાબો આપ્યા.

એકાદ કલાકનું વ્યાખ્યાન પૂર્ણ થયા પછી મેં જેલ અધિકારી શ્રીચૌધરી સાહેબને કહ્યું, “ ગાંધીજી અને સરદાર પટેલ જે કોટડીમાં રહ્યા હતા તે જોવાની મારી ઇચ્છા છે.”

તેઓ મને સહર્ષ તે તરફ દોરી ગયા. સૌ પ્રથમ અમે સરદાર યાર્ડમાં ગયા. સરદાર પટેલને જે કોટડીમાં કેદ રાખ્યા હતા, તેમાં પગરખાં ઉતારી હું પ્રવેશ્યો. ટેબલ પર સરદારની છબી રાખી હતી. તેની બાજુમાં સરદારે જેલમાં ઉપયોગમાં લીધેલાં વાસણો પડ્યાં હતાં. એક પળ હું આંખો બંધ કરી એ કોટડીમાં ઊભો રહ્યો. જાણે સરદાર પટેલની સુવાસ એ કોટડીમાં અનુભવી ન રહ્યો હોઉં. એ પછી અમે ગાંધીજી જે કોટડીમાં રહ્યા હતા, ત્યાં ગયા. ગાંધીજીની સુંદર પ્રતિમા ઓરડાની બહાર વચ્ચે રાખવામાં આવી હતી. તેની બાજુમાં ગાંધીજીનો મોટો ચક્રવાળો રેંટિયો પડ્યો

હતો. ચૌધરી સાહેબે મને માહિતી આપતાં કહ્યું, “ ગાંધીજી જેલમાં આ રેંટિયાથી કાંતતા હતા.” હું ગાંધીજીની પ્રતિમા અને રેંટિયાને તાકી રહ્યો. મારું મન એ યુગમાં વિહરી રહ્યું હતું. જ્યારે ગાંધીજી આ રેંટિયા પર કાંતતા હતા. એક પળ હું આંખો બંધ કરી એ દૃશ્યને કલ્પી રહ્યો. પછી કોઇ સંતની દરગાહમાંથી બહાર નીકળતો હોઉં તેમ પાછા પગલે કોટડીમાંથી બહાર આવ્યો. ચૌધરી સાહેબ હવે મારી પસંદ-નાપસંદને સમજવા લાગ્યા હતા. એટલે બોલ્યા,

“સામેની કોટડીમાં રવિશંકર મહારાજને રાખવામાં આવ્યા હતા.” મારા માટે તો આ બોનસ સમાન સમાચાર હતા. પગરખાં ઉતારી હું અંદર પ્રવેશ્યો. ત્યારે પણ મને તેમાં સરદાર અને ગાંધીજીની કોટડી જેવી જ સુવાસનો અનુભવ થયો. ત્યાંથી

ચૌધરી સાહેબ મને શ્રી પી.સી.ઠાકુર સાહેબ પાસે લઇ ગયા. ત્યારે ઠાકુર સાહેબ ફોન પર કોઇકની સાથે વાત કરી રહ્યા હતા.

“ભેંસમાં પણ જીવ હોય છે. તેને પણ દર્દ થાય છે. ત્રણ પગે ચાલતી ભેંસને જોઇને જ મને તો કંઇક થાય છે. તમે કોઇ સારા ઓર્થોપેડિકને તાત્કાલિક બોલાવી તેની સારવાર કરાવો.” હું આશ્ચર્યચકિત ચહેરે તેમની વાત સાંભળી રહ્યો. મારા ચહેરાની રેખાઓ પામી જતા તેઓ બોલી ઊઠ્યા,

“દેસાઇ સાહેબ, જેલની ગૌશાળામાં એક ભેંસનો પગ ભાંગી ગયો છે. મને તો તેની ખબર જ નહીં. પણ અચાનક એક દિવસ તે મારી સામે આવીને ઊભી રહી ગઇ. જાણે મને પૂછતી ન હોય કે માત્ર જેલના માનવ કેદીઓનું જ ધ્યાન રાખવાનું તમારું કામ છે? ને હું અંદરથી ધ્રૂજી ઊઠ્યો. મેં તાત્કાલિક તેનો ઇલાજ કરવાનો આદેશ

આપ્યો. જેલના અધિકારીએ ઢોરોના દાક્તર પાસે સારવાર કરાવી. પણ તેથી કોઇ ફેર પડ્યો નહીં. એટલે મેં કોઇ સારા ઓરથોપેડિકને તાત્કાલિક બતાવવા કહ્યું."

મેં ઠાકુર સાહેબની સામેની ખુરશીમાં સ્થાન લીધું ત્યારે મારા હ્રદયમાં એક જ પ્રાર્થના વારંવાર ઉદ્ ભવી રહી હતી, " દરેક માનવીની માનવતા આટલી જ પ્રજ્વલિત થાય તો જેલોની સમાજમાં જરૂર જ ન રહે-આમીન.(તથાસ્તુ)"

# અક્ષરનાદ ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ


અક્ષરનાદ.કોમ

એક ક્લિકે અનેક ઈ-પુસ્તકો

http://aksharnaad.com